
# પ્રાચીન સ્તવનાવલી

## શ્રી સુવિધિનાથ ભગવાન

૯





# નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,
એ છે ચૌદ પૂર્વનો સાર;
એના મહિમાનો નહિ પાર,
એનો અર્થ અનંત અપાર.૧
સુખમાં સમરો, દુઃખમાં સમરો,
સમરો દિન ને રાત;
જીવતા સમરો, મરતાં સમરો,
સમરો સૌ સંગાથ.૨
જોગી સમરે ભોગી સમરે,
સમરે રાજા રંક;
દેવો સમરે, દાનવ સમરે,
સમરે સૌ નિશંક.૩
અડસઠ અક્ષર એના જાણો,
અડસઠ તીરથ સાર;
આઠ સંપદાથી પરમાણો,
અડસિદ્ધિ દાતાર.૪
નવ પદ એના નવનિધિ આપે,
ભવોભવનાં દુઃખ કાપે;
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૯

## શ્રી સુવિધિનાથ ભગવાન

: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

પ્રત : ૧૦૦૦ મૂલ્ય : શ્રદ્ધા ભક્તિ

# પ્રાસ્તાવિક

પરમાત્મ ભક્તિનાં અજોડ આલંબને જીવ બાહ્યદશાથી મુક્ત થઈ અંતરાત્મદશા દ્વારા પરમાત્મ દશાને સહજતાથી પામી શકે છે. પૂર્વ મહાપુરૂષોએ ભક્તિના ક્ષેત્રે જે કૃતિઓનું યોગદાન કર્યું છે. તે પૈકી પ્રત્યેક જીનેશ્વર દેવોનાં પ્રાચીન લગભગ બધાજ પ્રાપ્ય સ્તવનોનો સ્વતંત્ર રીતે જુદી જુદી આ લઘુ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

આ સ્તવનોનાં રચયિતાઓએ પરમાત્મ ભક્તિની જે મસ્તિ માણી છે તેનો યત્કિંચિત રસાસ્વાદ પ્રાપ્ત કરવા આ પુસ્તિકાનો ઉપયોગ કરીશું તો અર્થગાંભીર્ય યુક્ત આ પ્રભુભક્તિ-આત્મિક શક્તિ પ્રગટાવી મુક્તિને નજીક લાવવામાં સહાયક થશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા) ના
ગુરૂકૃપાકાંક્ષી શિષ્ય જગચ્ચન્દ્રસૂરિ

# પ્રભુભક્તિ

પ્રભુને રોજ ભજવા છતાં આનંદની મસ્તિ અનુભવાતી નથી તેનું કારણ પરમાત્માને ઓળખવામાં હજી આપણે ઉણા ઉતર્યા છીએ ગતાનુગતિકતાથી નહિ વાસ્તવિકતાથી પરમાત્માનું દર્શન કરીશું તો પરમાત્મભક્તિથી શક્તિ આપણને આનંદઘન બનાવી દેશે.

આ જીવે સંસારના પ્રત્યેક પદાર્થો પાછળ આંસુ પાડયા હશે તે આંસુઓ સાગરના પાણીથી પણ વધી જાય પરંતુ તે આંસુની કોઈ કિંમત નથી. પ્રભુભક્તિ-પ્રભુરાગ પાછળ બે આંસુ પણ પડી જશે તો પ્રથમના બધા આંસુના સરવાળાને ટપી જશે તે ભક્તિથી આત્માની મુક્તિ નજીક આવી જશે.

ગચ્છાધિપતિ આચાર્ય વિજય
રામસૂરીશ્વરજી મહારાજ સાહેબ (ડહેલાવાળા)

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુવિધિનાથ સુવિધિ નમું | શ્રી વીરવિજયજી | ૧ |
| ગોરા સુવિધિ જિણંદ | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |
| સુવિધિનાથ નવમા | શ્રી પદ્મવિજયજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| મૈં કીનો નહી તુમ બીન | શ્રી યશોવિજયજી | ૩ |
| સુવિધિજિણેસર પાય નમીને | શ્રી આનંદઘનજી | ૪ |
| લઘુ[1]પણ હું તુમ મન નવિ માવું રે | શ્રી યશોવિજયજી | ૫ |
| જિમ પ્રીતિ ચંદ્ર-ચકોરને | શ્રી યશોવિજયજી | ૬ |
| સુવિધિ જિનરાજ મુજ મન રમો | શ્રી યશોવિજયજી | ૭ |
| સુવિધિ જિણંદ મુજને | શ્રી ભાણવિજયજી | ૮ |
| મન માન્યો હે સખી ! | શ્રી આનંદવર્ધનજી | ૯ |
| તાર ! ભવ-પાર ઉતાર ! સુવિધિ | શ્રી લક્ષ્મીવિમલજી | ૯ |
| તુજ સેવા સારી રે | શ્રી માનવિજયજી | ૧૦ |
| સુવિધિ-જિણંદ સોહામણા | શ્રી જ્ઞાનવિમલસૂરિ | ૧૧ |
| સેવો ધરી નિરમલ ભાવ | શ્રી ભાવવિજયજી | ૧૨ |
| સુવિધિજિન નાથ નામથીએ | શ્રી વિનયવિજયજી | ૧૩ |
| સુખદાયક સુખકંદ દયાનિધિ | શ્રી હરખચંદજી | ૧૩ |
| જ્ઞાની-શિર ચૂડામણિજી | શ્રી નયવિજયજી | ૧૪ |
| સુવિધિ ! સુવિધિ વિધવિધ | શ્રી ઋષભસાગરજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુવિધિ-સાહિબ શું મન્ન | શ્રી ઉદયરત્નજી | ૧૬ |
| સુવિધિ-જિન ત્રિગડે છાજે | શ્રી જિનવિજયજી | ૧૭ |
| સુવિધિ-જિન ! વળી વળી | શ્રી જિનવિજયજી | ૧૮ |
| સમવસરણ ત્રિભુવનપતિ | શ્રી હંસરત્નજી | ૧૯ |
| અરજ સુણો એક સુવિધિ-જિણેસર | શ્રી મોહનવિજયજી | ૨૦ |
| પ્રભુની વાણી જોર રસાળ | શ્રી રામવિજયજી | ૨૧ |
| સુવિધિ-જિણેસર ! જાગતો | શ્રી રામવિજયજી | ૨૨ |
| તાહારી અજબ શી જોગની | શ્રી કાંતિવિજયજી | ૨૩ |
| દરશનિયાનો સ્વામી પ્યારો | શ્રી ન્યાયસાગરજી | ૨૪ |
| નવમા સુવિધિજિણંદ | શ્રી ન્યાયસાગરજી | ૨૫ |
| સુવિધિ જિનપતિ સેવીયેં | શ્રી પદ્મવિજયજી | ૨૬ |
| સુવિધિજિનેસર સાહિબા રે | શ્રી પદ્મવિજયજી | ૨૭ |
| સુવિધિ જિણંદ શુભ ધ્યાનથીજી | શ્રી વિજયલક્ષ્મીસૂરિ | ૨૮ |
| સુવિધિ જિનેશ્વર ! સ્વામિજી | શ્રી કીર્તિવિમલજી | ૨૯ |
| સુવિધિ જિનેશ્વર સાહિબા | શ્રી દાનવિમલજી | ૩૦ |
| નવમા સુવિધિ જિણેસર | શ્રી વિનીતવિજયજી | ૩૧ |
| ઘરીએ ઘરીએ યાદ આવે | શ્રી અમૃતવિજયજી | ૩૨ |
| વિધિશું સુવિધિ જિણંદની | શ્રી પ્રમોદસાગરજી | ૩૨ |
| સુવિધિનાથ જગનાથજી રે | શ્રી ભાણચંદ્રજી | ૩૩ |
| સુવિધિ જિનસેરજીશું પ્રીત | શ્રી ખુશાલમુનિજી | ૩૪ |
| અલવેસર અવધારીયે રે | શ્રી ચતુરવિજયજી | ૩૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| દીઠો સુવિધિ જિણંદ સમાધિ | શ્રી દેવચંદ્રજી | ૩૬ |
| સુવિધિ સુવિધિના રાગી, | શ્રી જીવણવિજયજી | ૩૭ |
| જી હો ! સુવિધિ-જિનેશ્વર | શ્રી દાનવિજયજી | ૩૮ |
| વિધિશું સુવિધિ-જિનેશને | શ્રી મેઘવિજયજી | ૩૯ |
| સુવિધિ-જિનેસર ! સાંભળો | શ્રી કેશરવિમલજી | ૪૦ |
| સુવિધિ જિણંદ તુમ્હ | શ્રી કનકવિજયજી | ૪૧ |
| ભવ - ભય - ભંજન છો | શ્રી રૂચિરવિમલજી | ૪૨ |
| મુજ સુવિધિ-જિણેસર મન | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૩ |
| સુવિધિ-જિનેસર ! | શ્રી રતનવિજયજી | ૪૩ |
| સુવિધિ-જિનસર સાચો રે | શ્રી માણેકમુનિ | ૪૪ |
| આજ સુવિધિ-જિન આગલે | શ્રી માણેકમુનિ | ૪૫ |
| સુખકર પ્યારો સુવિધિ | શ્રી દીપવિજયજી | ૪૬ |
| સુવિધિ સુગીવહં નરવર | શ્રી ધર્મકીર્તિગણિ | ૪૬ |
| સાહિબ સુવિધિ-જિણંદની | શ્રી સ્વરૂપચંદજી | ૪૭ |
| સુણો સુવિધિ-જિણેસર ! | શ્રી જશવિજયજી | ૪૮ |
| ઇહવિધ સુવિધિ-જિનંદકા, | શ્રી ગુણવિલાસજી | ૪૯ |
| જિન શાસન-થાપક પ્રભુ | શ્રી જગજીવનજી | ૪૯ |
| નાથ ! તેરે ચરણ ન છોરૂં, | શ્રી જિનહર્ષજી | ૫૧ |

| થોય | કર્તા | પાના નં. |
|---|---|---|
| સુવિધિ સેવા કરતા દેવા, | શ્રી વીરવિજયજી | ૫૨ |
| નરદેવ ભાવ દેવો | શ્રી પદ્મવિજયજી | ૫૨ |

# चैत्यवंदन विधि

(नीचे मुजब प्रथम ईरियावहि करवी)

## ● ईच्छामि खमासमण सूत्र ●

ईच्छामि खमासमणो ! वंदिउं जावणिज्जाए,
निसीहिआए, मत्थएण वंदामि.

**भावार्थ :** आ सूत्र द्वारा देवाधिदेव परमात्माने तथा पंचमहाव्रतधारी साधु भगवंतोने वंदन थाय छे.

## ● ईरियावहियं सूत्र ●

ईच्छाकारेण संदिसह भगवन् ! ईरियावहियं पडिक्कमामि ? ईच्छं, ईच्छामि पडिक्कमिउं १. ईरियावहियाए, विराहणाए २. गमणागमणे ३. पाणक्कमणे बीयक्कमणे हरियक्कमणे, ओसाउत्तिंगपणग दग, मट्टी मक्कडा संताणा संकमणे ४. जे मे जीवा विराहिया,, ५. एगिंदिया, बेईंदिया, तेईंदिया, चउरिंदिया, पंचिंदिया ६. अभिहया, वत्तिया, लेसिया, संघाईया, संघट्टिया, परियाविया, किलामिया, उद्दविया, ठाणाओठाणं, संकामिया, जीवियाओ ववरोविया, तस्स मिच्छामि दुक्कडं ७.

**भावार्थ :** आ सूत्रथी हालता-चालता जीवोनी अजाणता विराधना थई होय के पाप लाग्या होय ते दूर थाय छे.

## ● तस्स उत्तरी सूत्र ●

तस्स उत्तरीकरणेणं, पायच्छित्तकरणेणं, विसोहिकरणेणं, विसल्लीकरणेणं, पावाणं कम्माणं निग्घायणट्ठाए, ठामि काउस्सग्गं.

**भावार्थ :** आ सूत्र द्वारा ईरियावहियं सूत्रथी बाकी रहेला पापोनी विशेष शुद्धि थाय छे.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિઠ્ઠનેમિ, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વઃ
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈં જિણબિંબાઈ, તાઈં સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલુવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફંકત પુરૂષોએ બોલવું)

## ● નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી સુવિધિનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્ય૦

સુવિધિનાથ સુવિધિ નમું, શ્વાન યોનિ સુખકાર;
આવ્યા આનત સ્વર્ગથી, કાકંદી અવતાર....॥૧॥

રાક્ષસ ગણ ગુણવંતને, ધનરાશિ રિખમૂલ;
વરસ ચાર છદ્મસ્થમાં, કર્મ શશક[1] શાર્દૂલ[2]....॥૨॥

મલ્લિ તરૂતલે કેવલીએ, સહસ મુનિ સંઘાત;
બ્રહ્મ મહોદય પદ વર્યા, વીર નમે પરભાત....॥૩॥

---

૧. હરણ ૨. સિંહ

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્ય૦

ગોરા સુવિધિ જિણંદ નામ, બીજું પુષ્પ દંત;
ફાગુણ વદિ બીજે ચવ્યા, મહેલી સુર આનત....॥૧॥

માગશર વદિ પંચમી જણ્યા, તસ છઠે દીક્ષા;
કાર્તિક શુદિ ત્રીજે કેવલી, દિએ બહુ પરે શિક્ષા....॥૨॥

શુદિ નવમી ભાદ્રવાતણીએ, અજર અમર પદ હોય;
**ધીરવિમલ** સેવક કહે, એ નમતા સુખ જોય....॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્ય૦

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જ તાત,
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત....॥૧॥

આયુ બે લાખ પૂરવતણું, શત ધનુષની કાય;
કાકંદી નગરી ધણી, પ્રણમું પ્રભુ પાય....॥૨॥

ઉત્તમ વિધિ જેહથી લહો એ, જિણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ **પદ્મ**ને, લહીએ શાશ્વત ધામ....॥૩॥

# શ્રી સુવિધિનાથ ભગવાનના સ્તવન

કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

(મૈં કીનો નહીં)

**મૈં કીનો નહીં તુમ બીન ઔર શું રાગ.. (૨)**

દિન દિન વાન વધત ગુન તેરો, જ્યું કંચન પર ભાગ;
ઔરનમે હૈ કષાયોકી કાલિમા, સો ક્યું સેવા લાગ....મૈં.૧

રાજહંસ તું માન સરોવર, ઔર અશુચિ રૂચિ કાગ;
વિષય ભુજંગમ ગરૂડ તે કહીયે, ઔર વિષય વિષ નાગ.....મૈં.૨

ઔર દેવ જલ છિલ્લર સરીખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરુ જગ વાંછિત પૂરણ, ઔર તો સૂકે સાગ.....મૈં.૩

તું પુરૂષોત્તમ, તું હીં નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા, તું બુદ્ધ મહાબલ, તુંહીં જ દેવ વિતરાગ....મૈં.૪

સુવિધિનાથ તુમ ગુન ફુલનકો, મેરો દિલ હૈ બાગ;
જશ કહે ભ્રમર રસિક હોય તાકો, દિજે ભક્તિ રાગ....મૈં.૫

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

### (રાગ કેદારો-ઈમ ધન્નો ધનને પરચાવે—એ દેશી)

સુવિધિ જિણેસર પાય નમીને, શુભકરણી ઈમ કીજે રે ।
અતિઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે-સુ૦।।૧।।

દ્રવ્ય-ભાવ[૧] શુચિભાવ ધરીને, હરખે દેહરે જઈયે રે ।
દહ[૨]-તિગ પણ-[૩] અહિગમ સાચવતાં એક-મના ધુરિ થઈયે રે -સુ૦।।૨।।

કુસુમ-અક્ષત-વર વાસ-સુગંધી, ધૂપ-દીપ મન સાખી રે ।
અંગપૂજા પણ-ભેદ[૪] સુણી ઈમ, ગુરુ-મુખ આગમ ભાખી રે -સુ૦।।૩।।

એહનું ફળ દોય ભેદ સુણીજે, અનંતર[૫] ને પરંપર રે ।
આણા-પાલણ ચિત્તપ્રસત્તિ,[૬] મુગતિ-સુગતિ સુરમંદિર રે -સુ૦।।૪।।

ફૂલ-અક્ષત વર-ધૂપ-પઈવો, ગંધ-નૈવેદ્ય-ફળ-જળભરી રે ।
અંગ-અગ્રપૂજા મલી અડ વિધ, ભાવે ભવિક શુભ ગતિ વરી રે —સુ૦।।૫।।

સત્તાર-ભેદ ઇકવીશ-પ્રકારે, અષ્ટોત્તાર શત-ભેદે રે ।
ભાવપૂજા બહુવિધ નિરધારી, દોહગ[૭]-દુર્ગતિ છેદે રે-સુ૦॥૬॥

તુરીય[૮] ભેદ પડિવત્તિપૂજા,[૯] ઉપશમ[૧૦]-ખીણ[૧૧] સયોગી રે ।[૧૨]
ચઉહા[૧૩] પૂજા ઇમ ઉત્તરાધ્યયને, ભાખી કેવલ[૧૪]-ભોગી રે-સુ૦॥૭॥

ઇમ પૂજા બહુભેદ સુણીને, સુખ-દાયક શુભ-કરણી રે ।
ભવિકજીવ કરશે તે લહેશે, **આનંદઘન**[૧૫]-પદ ધરણીરે- સુ૦॥૮॥

---

૧. પવિત્રતા ૨. ચૈત્યવંદન ભાષ્યમાં જણાવેલ દશત્રિક, ૩. પાંચ અભિગમ ૪. પાંચ ભેદ ૫. સાક્ષાત્ ૬. ચિત્તની પ્રસન્નતા ૭. દુર્ભાગ્ય અને દુર્ગતિનો નાશ કરે ૮. ચાર પ્રકારની પૂજામાં ચોથો ભેદ ૯. પ્રતિપત્તિ = પ્રભુઆજ્ઞાનો સ્વીકાર ૧૦. અગિયારમાં ગુણ૦વાળા ૧૨. તેરમા ગુણ૦વાળા ૧૩. અંગપૂજા, અગ્રપૂજા, ભાવપૂજા, પ્રતિપત્તિપૂજા ૧૪. કેવળજ્ઞાની ૧૫. આનંદથી ભરપૂર સ્થાન = મોક્ષરૂપી ધરણી = ભૂમિ.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (સુણો મેરી સજની ! રજની ન જાવે રે-એ દેશી)

લઘુ[૧]પણ હું તુમ મન નવિ માવું રે, જગ-ગુરુ ! તુમને દિલમાં લાવું રે;
કુણનેએ દીજે શાબાશી રે, કહો શ્રી સુવિધિ જિણંદ ! વિમાસી રે—લઘુ૦(૧)

મુજ[૨]મન અણુમાંહે ભગતિ છે ઝાઝી રે, તેહ[૩] દરીનો તું છે માઝી રે;
યોગી પણ જે વાત ન જાણે રે, તે અચરિજ કુણથી હુઓ ટાણે રે—લઘુ૦(૨)

અથવા થિરમાંહિ અથિર ન માવે રે, મોટો ગજ દર્પણમાં આવેરે;
જેહને તેજે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એ શાબાશી રે—લઘુ૦(૩)

ઊર્ધ્વ-મૂલ તરૂવર અધ-શાખા રે, છંદ[૪]-પુરાણે એહવી છે ભાખા રે;
અચરિજ વાળે અચરિજ દીઠું રે; ભગતે સેવક કારજ સીધું રે -લઘુ૦(૪)

લાડ કરી જે બાળક બોલે રે, માત-પિતા મન અમીયને તોલે રે;
શ્રી **નયવિજય** વિબુધનો શીષ રે, **જશ** કહે એમ જાણો જગીશો રે—લઘુ૦(૫)

---

૧. પ્રમાણથી નાનો ૨. મારા અણુસ્વરૂપ મનમાં ભક્તિ ઘણી છે તે મનરૂપ દરી = ગુફાનો તું માંઝી = માઝી-માલિક છે ૩. કેટલાથી ૪. વેદ અને પુરાણમાં

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (રાગ-મલ્હાર)

જિમ પ્રીતિ ચંદ્ર-ચકોરને, જિમ મોરને મન મેહ રે;
અમ્હને તે તુમ્હશું ઉલ્લસે, તિમ નાહ ! નેવલો[૧] નેહ;
સુવિધિ-જિણેસરૂ ! સાંભળો- ચતુર સુજાણ, અતિ[૨] અલવેસરૂ !-સુવિધિ.(૧)

અણ-દીઠે અલજો[૩] ઘણો, દીઠે તે તૃપ્તિ ન હોઈ રે;
મન તોહિ સુખ માની લિયેં, વાહલા-તણું મુખ જોઈ-સુવિધિ.(૨)

જિન વિરહ કદીયેં નવી હુયેં, કીજિયેં તેહવો[૪] સંચ રે,

કર જોડી વાચક જશ કહે, ભાંજો તે ભેદ-પ્રપંચ[૫] -સુવિધિ.(૩)

૧. અપૂર્વ અદ્‌ભુત ૨. અત્યંત ઐશ્વર્યવાળા ૩. ઉત્કંઠા ૪. પ્રયત્ન ૫. જુદા પાડવાની પ્રવૃત્તિ

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

## (ભાવના માલતી ચુસીએ-એ દેશી)

સુવિધિ જિનરાજ મુજ મન રમો[૧], સવિ ગમો ભવતણો[૨] તાપ રે;
પાપ પ્રભુ-ધ્યાનથી ઉપશમો, વીશમો ચિત્ત શુભ જાપ રે-સુવિધિ૦(૧)

રાય સુગ્રીવ-રામા સુતો, નયરી કાકંદી અવતાર રે;
મચ્છ[૩] લંછન ધરે આઉખું, લાખ દોય પૂર્વ નિર્ધાર રે-સુવિધિ૦(૨)

એક શત ધનુષ તનુ ઉચ્ચતા, વ્રત લિએં સહસ પરિવાર રે;
સમેતશિખર શિવપદ લહે, સ્ફટિક સમ કાંતિ-વિસ્તાર રે- સુવિધિ૦(૩)

લાખ દોય સાધુ પ્રભુજી તણા, લાખ એક સહસ વળી વીશ રે;
સાહુણી ચરણ[૪]ગુણ-ધારિણી, એક પરિવાર જગદીશ રે–સુવિધિ૦(૪)

અજિત સુર વર સુતારા સુરી, નિત કરે પ્રભુ તણી સેવ રે;
**શ્રીનયવિજય** બુધ શીશને, ચરણ એ સ્વામી નિતમેવ રે-સુવિધિ૦(૫)

૧. સતતપણે રહો ૨. સંસારનો સંતાપ દૂર કરો ૩. મગરમચ્છ ૪. ચારિત્ર ગુણવાળી

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

(અબકો ચોમાસો માંકા પૂજયજી થેં રહોને-એ દેશી)

સુવિધિ જિણંદ મુજને દરીસણ દ્યોને,
દિલભર દિલથી મ્હારી સ્હામું જુઓને,
હસી તારા ચિત્તની વાત મને કહોને,
પ્રીતની રે રીતમાં શ્યું[1] શ્યુંતે તે વહોને-સુવિધિ૦(૧)

અંતર ચિત્તની વારતા રે, પ્રભુ ! કહું તે ચિત્ત ધરોને,
પ્રીત-પ્રતીત[2] જિમ ઉપજે રે, તિમ અવિહડ પ્રીત કરોને-સુવિધિ૦(૨)

સુંદર તુમ મુખ મહકડે રે; પ્રભુ ! લોભાવ્યા તેં અમને,
મુજ મન મળવા અતિ ઘણું રે, ચાહે ક્ષણમાંહે તુમને-સુવિધિ૦(૩)

લલચાવશો દિન કેટલા રે ? ઈમ મુજને દિલાસા દેઈને,
હા-ના મુખથી ભાખીએ રે, બેસી શું રહ્યા ? મૌન લેઈને-સુવિધિ૦(૪)

હસિત વદને બોલાવીને રે, આજ મુજને રાજી કરોને,
વાંછિત દેઈ અમને, તુમ્હે જગમાં સુજશ વરોને-સુવિધિ૦(૫)

રોગ સોગ દુઃખ દોહગ, પાપ તાપ સંતાપ હરીને,
પંડિત પ્રેમના ભાણને રે, તુમ્હે પ્રસન્ન થજો હેજ ધરીને-સુવિધિ૦(૬)

---

૧. ઉલટભરેલા ૨. પ્રીતિની ખામી ૩. હસતા મુખે

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

**(રાગ-મલ્હાર, મોરા સાહિબ શ્રી શીતલનાથ કે-એ દેશી)**

મન માન્યો હે સખી ! સુવિધિજિણંદ કે, મિલવા મુજ અલજો[1] ઘણો,
સુપનંતરે હે સખી ! કીજે સેવ કે, પ્રત્યક્ષ પણ રલિયામણો[2]-મન૦(૧)

અતિ ઝાઝી હે સખી ! મનની વાત કે, એક વચનમાં કિમ કહું,
ગયણગણે હે સખી ! તારા-કોડિ કે, મુઠિમાં કહો કિમ ગ્રહુ, મન૦(૨)

મોરે મનડે હે સખી ! એક સનેહ કે, રાત-દિવસ રમતો રહું,
કહે **આણંદ** હે સખી ! ભગત-પ્રમાણ કે, ભાવે તિમ કોઈ કહું-મન૦(૩)

---

૧. ઉમંગ ૨. સુંદર

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

**(ધાર તરવારની સોહલી-એ દેશી.)**

તાર ! ભવ-પાર ઉતાર ! સુવિધિ-પ્રભો ! સાર[1] મુજ એટલી દેવ ! કીજે,
મોહ[2]મહાજોહ જન-દ્રોહકારી ઘણો, તેહને દૂર દેશોટ[3] દીજે ! તાર૦(૧)

એક પણ નેક[4]-પરિ ઝૂઝતો મહા-બળી, વાગતો-ભાગતો કદી ન દીસે,
આણ[5] તુજ બાણ[6] સાણિ-ચઢાવી અસી,[7] એહની નારી વિધવા કરીસે ! તાર૦(૨)

રાગ પણ છાગ[8] પરિ નાસતો દેખીયે, યોં પ્રભુ ! તાહરી હાક વાગે,
દ્વેષ તજી રેષ[9] મદ જાએ ગિરિકંદરે,[10] આવતો-ધાવતો કદી ન ગાજે-તાર૦(૩)

કામ મુખ શ્યામ કરી દુષ્ટ દૂર ટળે, ઉછળે ધ્યાન તુજ નાળ-ગોળા[11],
બાયડી[12] બાપડી શું કરે રતિ પ્રિયા, રોવતાં, તેહના જાઈ ડોળા[13] -તાર૦(૪)

નાથ ! ધર ! હાથ મુજ મસ્તકે પ્રેમ શું, એટલે મોહનું સૈન્ય ભાંજે.
મોહથી ફોજમાં રહુ ચિદાનંદની, સત્ય-સુખાસન યાન બાજે-તાર૦(૫)

રાગ વડભાગ[14] મુજ એક છે તાહરો, તેહથી નિર્મળિ કીર્તિ વાધે
નેહભર મેહ[15] ઝડી પરિ[16] વરસતા, આપ-પંકજ[17] દળે લચ્છી વાધે-તાર૦(૬)

---

૧. સેવા ૨. મોહરૂપ મહાયોદ્ધો ૩. દેશવટો ૪. અનેક રીતે ૫. આજ્ઞા ૬. સાણિ = શરાણે ચઢાવેલ = અણીદાર બાણ ૭. અસી = ફેંકી ૮. બકરાની જેમ ૯. ભૂમિકા-મર્યાદા ૧૦. પર્વતની ગુફામાં ૧૧. બંદૂક-તોપના ગોળા ૧૨. બિચારી ૧૩. આંખના ડોળા ૧૪. મોટો-શ્રેષ્ઠ ૧૫. મેઘની ઝડી ૧૬. જેમ ૧૭. આપના ચરણકમળે.

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

### (રાગ-સિંધુડો;-ચિત્રોડી રાજા રે-એ દેશી)

તુજ સેવા સારી રે, શિવ સુખની ક્યારી રે,
મુજ લાગે પ્યારી રે; પણ ! ન્યારી છે ? તાહરી પ્રકૃતિ સુવિધિ-જિના રે....(૧)

હેજે નવિ બોલે રે, સ્તવીયો નવિ ડોલે રે,
હિયડો નવિ ખોલે રે; તુજ તોલે ત્રણ જગમાં કો નહીં નિ-સંગીયો રે....(૨)

ન જુયે જોતાને રે, ન રીઝે સોતાને રે,
રહે મેળે પોતાને રે; શ્રોતાને-જોતાને તો એવા લહો રે...(૩)

નવિ તૂસે ન રૂસે રે, ન વખાણે ન દૂસે રે,
નવિ આપે ન મૂસેર રે; નવિ ભૂસે[3]-ન માંડે[4] રે કોઈને કદા રે...(૪)

ન જણાએ ધાત રે[5], તેહશું શી વાત રે,
એહ જાણું કહે વાત રે; રહેવા તન-તોહે તુજ વિણુ **માનને** રે...(૫)

૧. પ્રેમસહિત ૨. લેતા નથી ૩. શણગારતા નથી ૪. શોભા કરતા નથી ૫. પદ્ધતિ, અંદરની વાત.

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (રાય કહે રાણી પ્રત્યે-એ દેશી)

સુવિધિ-જિણંદ સોહામણા-અરિહંતાજી, સુ-વિધિતણા ભંડાર-ભગવંતાજી
પ્રેમ ધરીને પ્રાહુણા - અરિ૦, મન-મંદિર પાઉ[2] ધાર-ભગ૦...(૧)

જ્ઞાન દીપક તો ઝળહળે-અરિ૦, સમકિત તોરણ-માળ-ભગ૦
ચારિત્ર ચંદ્રોદય[3]ભલો-અરિ૦, ગુણ-મુગતા ઝાકમઝાળ-ભગ૦...(૨)

મૈત્રીભાવ સિંહાસને-અરિ૦, તકીયા પરગુણપક્ષ-ભગ૦
મુદિતા[4] પરમ[5] બિછાવણા[6]-અરિ૦, ઈત્યાદિકગુણલક્ષ-ભગ૦...(૩)

ઈહાં આવીને બેસીયેં-અરિ૦, તુમ ચરિત્રાના ગીત-ભગ૦
ગાવે મુજ તનુ કામિની-અરિ૦, આણી અ-વિહડ પ્રીત-ભગ૦...(૪)

અરજ સુણીને આવિયા-અરિ૦, સાહિબ મન-ઘરમાંહી-ભગ૦
**જ્ઞાનવિમલ** પ્રભુતા ઘણી-અરિ૦, પ્રગટી અધિક-ઉછાહિ-ભગ૦...(૫)

૧. મહેમાન ૨. વધારો ૩. ચંદરવો ૪. પ્રમોદ-ભાવના ૫. શ્રેષ્ઠ ૬. જાજમ.

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ-મારુણી; જગત-ગુરુ હીર તું-એ દેશી)

સેવો ધરી નિરમલ ભાવ, સુવિધિ જિન રાજીઓ રે;
નવમો જિન પ્રબલ-પ્રભાવ-સુવિધિ૦ ભવ-સાયર-તારણ નાવ-સુવિધિ૦(૧)

કાકંદીનયરી ધણી રે, જસ તાત સુગ્રીવ નરિંદ
રામા[૧] અભિરામા[૨] ગુણે રે, જસ જનની સુખકંદ-સુવિધિ૦(૨)

વંશ[૩] ઈક્ષાગ સુરાચલે રે, સુરતરુ સમ સુખકાર
કીરતિ-કુસુમેં મહમહેં રે, વંછિત-ફળ દાતાર-સુવિધિ૦(૩)

નિજ વાને કરી જીપતી રે, નિરમલ ગંગ-તરંગ
સુંદર કાયા જેહની રે, એક-શત ધનુષ ઉત્તંગ-સુવિધિ૦(૪)

અજિત યક્ષ જસ દીપતો રે, દેવી સુતારા-સાર
એ પ્રભુ શાસન દેવતા રે, ટાળે વિઘન-વિકાર-સુવિધિ૦(૫)

દોય લાખ પૂરવ આઉખું રે, લંછન મગર ઉદાર
તે જિનજી મુજ આપજો રે, **ભાવ** કહે ભવ-પાર-સુવિધિ૦(૬)

---

૧. પ્રભુજીની માતાનું નામ ૨. સુંદર ૩. ઈક્ષ્વાકુ વંશરૂપ મેરુ પર્વત પર કલ્પવૃક્ષ જેવા હિતકાર (બીજી ગાથાના પૂર્વાર્દ્ધનો અર્થ)

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

સુવિધિજિન નાથ નામથીએ, પરમલ[1] મંગળ-માળ તો-ભાવે પૂજા કરું એ
કેસર ચંદન મૃગમદે [2]એ, તિલક કીજેં પ્રભુ ભાલતો[3]-ભાવે૦(૧)

માલા બહુ[4]-વર્ણની ફૂલનીએ, સોહીએ[5] ઉજલે[6] અંગતો-ભાવે૦
રજત[7]-ગિરિ શિખર ઉપર યથાએ,[8] સુરપતિ[9]-ધનુષનો રંગતો-ભાવે૦(૨)

પુષ્પદંતાભિધ [10] જિનવરૂએ, સુગ્રીવ રાય કુળ-ચંદ તો-ભાવે૦
**વિનય** કરતાં પ્રભુથી લહુંએ, પરમ-પદ પરમ આનંદ તો -ભાવે૦(૩)

૧. ઘણી ૨. કસ્તુરીથી ૩. લલાટ-કપાળમાં ૪. ઘણા રંગવાળી ૫. શોભે છે. ૬. શ્વેત વર્ણવાળી પ્રભુની કાયાએ ૭. ચાંદીના પર્વતના શિખર ઉપર ૮. જે રીતે ૯. ઇન્દ્ર ધનુષ્યનો ૧૦. શ્રી સુવિધિનાથ પ્રભુનું બીજું નામ છે.

## કર્તા : શ્રી હરખચંદજી મ.

### (રાગ-જયતશ્રી)

સુખદાયક સુખકંદ દયાનિધિ......-સુખ૦
સાહિબ ! સુવિધિ જિણંદ......-દયા૦
કાકંદીપુર રાજીયો હો, પિતા સુગ્રીવનરિંદ
ધનુષ શત માન મગર વર લંછન, રામા-રાનીનંદ-દયા૦(૧)

દોય લાખ પૂરવ આઉખો હો, કુલ ઇક્ષ્વાગનરિંદ
ઉજ્જવલ બરન તરન અખંડિત મહિમા, પૂજત પદ સુરવૃંદ-દયા૦(૨)

દરસન દેખત સુખ ભયો હો, મિટે દુરિત દુખદંદ
પ્રભુકે ચરન-કમલકી સેવા, ચાહત મુનિ **હરખચંદ**-દયા૦(૩)

## કર્તા : શ્રી નયવિજયજી મ.

**(પ્રથમ ગોવાલાતણે ભવે—એ દેશી.)**

જ્ઞાની-શિર ચૂડામણિજી, જગજીવન જિનચંદ
મળીઓ તું પ્રભુ એ સમેજી, ફળીઓ સુરતરૂકંદ
સુવિધિજિન ! તુમ્હશું અવિહડ નેહ, જિમ બપઈયા મેહ-સુવિધિ૦.....(૧)

માનું મેં મરૂ[૧]મંડલેજી, પામ્યો સુરતરૂ સાર
ભૂખ્યાને ભોજન ભલુંજી, તરસ્યાં અમૃતવારિ-સુવિધિ૦.....(૨)

દુષમ[૨] દુષમા[૩]-કાળમાંજી, પૂરવ પુણ્ય પ્રમાણ
તું સાહિબ જો મુજ મિળ્યોજી, પ્રગટયો આજ વિહાણ[૪]-સુવિધિ૦.....(૩)

સમરણ પણ પ્રભુજી તણુંજી, જે કરે તે કૃતપુણ્ય
દરિશણ જે એ અવસરેજી, પામે તે ધન્ય ધન્ય-સુવિધિ૦.....(૪)

ધન્ય દિવસ ધન્ય એ ઘડીજી, ધન્ય મુજ વેલારે એહ,
જગજીવન જગવાલહોજી, ભેટ્યો તું સ-સનેહ-સુવિધિ૦.....(૫)

આજ ભલી જાગી દશાજી, ભાંગી ભાવઠ દૂર,
પામી વાંછિત કામનાજી, પ્રગટ્યો સહજ-સનૂર-સુવિધિ૦.....(૬)

અંગીકૃત નિજ-દાસનીજી, આશા પૂરો રે દેવ,
નયવિજય કહે તો સહીજી, સુગુણ-સાહિબની સેવ-સુવિધિ૦.....(૭)

---

૧. મારવાડમાં ૨. પાંચમા આરે ૩. વિષમ ૪. પ્રભાત

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

સુવિધિ ! સુવિધિ વિધવિધ[૧] કરી, થેં[૨] તો લાયક લાગો દેવ
દાયક છો દિલ વાતરા, જો સેવે તુજ પાય સેવ.
-માહરો પ્રભુજી ! મન મોહિયો(૧)

ચિતહી મંઈ નિતહી રહે, યા મૂરતિ મોહન વેલિ,
મન ચિંતા મેટો માહરી, મોહનજી ! મિટૈ [૩] મેલિ[૪]-માહરો૦(૨)

નરભવ નિફલ નવિ હુવૈ, કાંઈ અભી નવમા સ્વામી,
એ નિશ્ચૈ અવધાર જયો, કહિયે છે અવસર પામી-માહરો૦(૩)

પ્રભુ ! કુસુમ-પરાગ તણી પરે, જિમ નવૈ સરાવૈ નીર,
મહિ[૬] માખણ જયો મિલિ રહૈ, નીરમાંહી જિમ ખીર-માહરો૦(૪)

મધુકરને મન માલતી, મોર[૭] મનિ જિમ મેહ,
માનસ[૮] માનસ[૯] હંસ ને[૧૦], મીન[૧૧] જીવન નૈ નેહ-માહરો૦(૫)

કોક[૧૩] અર્ક[૧૪] કેહવી હુવૈ, કાંઈ કોકિલ અને વસંત,
શ્રીપતિ[૧૫] શ્રીનઈ[૧૬] નેહજ્યૌ, વચનનૈ અથિર મિલંત-માહરો૦(૬)
ઇણપરિ માહરે તાહરે પ્રભુજીના વચન પ્રમાણ,
પાધરસી [૧૭] પહડઈ[૧૮] નહી, થેતો સુવિધિ સુવિધિના જાણ-માહરો૦(૭)
ઋદ્ધિસાગર સેવક પ્રતિ, દેજ્યો સકલ સુખડઇ ધામ,
**ઋષભસાગર** રસ રંગસ્યું, કરે તિકરણ ચરણ પ્રણામ-માહરો૦(૮)

---

૧. ઘણી ઘણી રીતે ૨. તમે ૩. દૂર થાય ૪. પાપ ૫. નવ શરાવલામાં ૬. ગોરસ = દૂધમાં ૭. મોરના ૮. માનસ સરોવર ૯. દિલમાં ૧૦. હસતાં ૧૧. માછલું ૧૨. પાણી ૧૩. ચકવાક ૧૪. સૂર્ય ૧૫. વિષ્ણુ ૧૬. લક્ષ્મીને ૧૭-૧૮. આ બન્ને શબ્દો દેશી લાગે છે. સ્પષ્ટ અર્થ સમજાયો નથી. પણ પ્રાયઃ "પરભારું બેદરકારીથી કાઢી નહીં શકાય."

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

સુવિધિ-સાહિબ શું મન્ન, માહરૂં, થયું મગન્ન રે
જિહાં જોઉં તિહાં તુજને દેખું, લાગી લગન રે-સુવિધિ૦(૧)

મનડામાં જિમ મોર ઇચ્છે, ને ગાજે ગગન રે
ચિતડામાં જિમ કોયલ ચાહે, માસ ફગન્ન રે-સુવિધિ૦(૨)

એહવી તુજશું આસકી મુને, ભરું ડગન રે
જોર જસ ફોજનો તું, એક ઠગન રે-સુવિધિ૦(૩)

પંચ ઇંદ્ર રૂપ શ્રુનો જે, કરીય નગન રે
**ઉદયરત્ન** પ્રભુ મિલી તે શું ખાય સોગન રે-સુવિધિ૦(૪)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

**(હો મિત્ત ! જાણ્યા મર્મ તુમારા-એ દેશી.)**

સુવિધિ-જિન ત્રિગડે છાજે, સુરદુંદુભી ગયણે ગાજે
શિર ઉપર છત્ર વિરાજે હો દેવ ! પ્યારા ! દરીશ તુમારે જાચું.....(૧)

સમ પંચ વર્ણ ફૂલ, દેવ વરસાવે બહુ મૂલ
પામે સમકિત અનુકૂલ હો-દેવ૦(૨)

પૂંઠે[૧] ભામંડળ ઝલકે, દુગ[૨] પાસે ચામર લલકે;
સ્વર ઝીલો ઘૂઘરી રણકે હો-દેવ૦(૩)

સિંહાસન રૂંખ[૩] અશોક, દળ[૪]-ફળની શી કહું રોક
મોહે દાનવ માનવ થોક[૫] હો-દેવ૦(૪)

દૂધ સાકર મેવા દ્રાખ, પાકી સહકારની સાખ
તેહથી મીઠી તુમ્હ ભાખ હો-દેવ૦(૫)

ભવ-ભવના તાપ શમાવે, એકે વચને સહુ સમજાવે-
વળી બીજ ધર્મનું વાવે હો-દેવ૦(૬)

સુણી બાર પર્ષદા હરખે, સંયમ સમતા સુખ ફરસે,
સેવક **જિન** તેહને તરસે હો-દેવ૦(૭)

---

૧. મસ્તક પાછળ ૨. બે બાજુ ૩. વૃક્ષ ૪. પાંદડાં ૫. સમૂહ

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(વીરે વખાણી રાણી ચેલણાજી-એ દેશી)

સુવિધિ-જિન ! વળી વળી વિનતીજી, મીનતી કેતી કરાય
જગગુરુ ! મોટીમમાં [2] રહોજી, આતુર[3]-જન અકળાય-સુવિધિ૦(૧)

નાયક[4] નજર માંડે નહીંજી, પાયક[5] કરે અરદાસ
જેહની પૂંઠે જે સરજીયાજી, તેહને તેહની આશ-સુવિધિ૦(૨)

આપ અનંત સુખ ભોગવોજી, તેહનો અંશ દ્યો મુજ
મીઠડું સહુ જણે દીઠડુંજી, અવર શું ભાખીએ તુજ-સુવિધિ૦(૩)

રયણ એક દેત રયણાયરેજી, ઉણિમ[6] કાંઈ ન થાય
હાથીના મુખથી દાણો પડેજી, કીડીનું કુટુંબ વરતાય-સુવિધિ૦(૪)

ચંદ્રની ચંદ્રિકા વિસ્તરેજી, અમૃતમાં નહિ હાણ
**ક્ષમાવિજય-જિન** લહેરથીજી, જગ-જન લહત કલ્યાણ-સુવિધિ૦(૫)

---

૧. આજીજી ૨. મોટાઈ ૩. અર્થી = ગરજવાન સેવક ૪. માલિક ૫. સેવક ૬. ઓછાશ

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

(સાહેબ સુંદર સુરતિ સોહે-એ દેશી)

સમવસરણ ત્રિભુવનપતિ સોહે, સુર-નરનાં મન મોહે હો;
સાહેબ સુવિધિ-જિણંદા ! રામા[૧]-રાણીના નંદા !
સુગ્રીવ[૨]-નૃપ કુલચંદા, દરશન દોલત[૩]-કંદા ભવિયા ! તે પ્રભુ વંદો-ભ૦(૧)

અષ્ટ મહાપ્રતિહાર્ય બિરાજે, છબી[૪] અનોપમ છાજે હો
ઓપે[૫] પ્રભુ-શિર ઉપર, તરુણો અશોક તરૂવર
કુસુમવૃષ્ટિ મનોહર, સહજે વરસાવે સુરવર-ભ૦(૨)

સુર-વિરચિત મધુર ધ્વનિ છાજે, ગગનમંડલ તિણે[૬] ગાજે હો
વળી વિબુધ[૭] બિહું પાસે, ચામર વીંઝે ઉલાસે
ભામંડલ પ્રતિભાસે, દિનકર[૮]-કોડી પ્રકાશે-ભ૦(૩)

કનક-મણિમય સિંહાસન વારુ, દેવ રચે દીદારૂ હો
શીશે[૧૧] ત્રણ છત્ર ધારે, ભેરીને ભણકારે
સુરપતિ સેવા હો સારે, ઈમ અષ્ટ મહા પ્રતિહારે-ભ૦(૪)

**હંસરત્ન** સાહેબ ઈમ જાણી, ઉલસ્યો એણે સહિનાણી હો
ઉપશમ સહિજ સનૂ-રે, પ્રતાપે પ્રબલ-પંડૂરે
સેવ્યો સંકટ ચૂરે, વેગે વંછિત પૂરે-ભ૦(૫)

---

૧. પ્રભુજીની માતાનું નામ ૨. પ્રભુજીના પિતાનું નામ ૩. સુખનું કારણ ૪. દેખાવ ૫. શોભે છે.
૬. તેથી ૭. દેવ ૮. સૂર્ય ૯. દર્શનીય

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (મોતીડાની દેશી)

અરજ સુણો એક સુવિધિ-જિણેસર, પરમ-કૃપાનિધિ તુમે પરમેસર,
સાહિબા ! સુજ્ઞાની ! જોવો તો વાત છે માન્યાની
કહેવાઓ પંચમ[૧]-ચરણના ધારી, કિમ આદરી અશ્વની અસવારી
—સાહિબા૦(૧)

છો ત્યાગી શિવવાસ વસો છો, દઢરથસુત રથે કિમ બેસો છો—સાહિબા૦
આંગી પ્રમુખ પરિગ્રહમાં પડશો, હરિ-હરાદિકને કીણ વિધ નડશ્યો
—સાહિબા૦(૨)

ધુરથી[૨] સકળ સંસાર નિવાર્યો, કિમ ફરી દેવ-દ્રવ્યાદિક ધાર્યો—સાહિબા૦
તજી સંજમને પાશ્યો ગૃહવાસી, કુણ આશાતના તજશે ચોરાશી
—સાહિબા૦(૩)

સમકિત-મિથ્યા મતમે નિરંતર, ઇમ કિમ ભાંજશે પ્રભુજી અંતર-સાહિબા૦
લોક તો દેખશે તેહવું કહેશ્યે, ઇમ જિનતા તુમ કિણ વિધ રહશ્યે
—સાહિબા૦(૪)

પણ હવે શાસ્ત્રગતે મતિ પહોંચી, તેહથી મેં જોયું ઊડું આલોચી[3]-સાહિબા૦
ઈમ કીધે પ્રભુતાઈ ન ઘટે, સાંહમું ઈમ અનુભવ ગુણ પ્રગટે
-સાહિબા૦(૫)

હય-મય યદ્યપિ તું આરોપાએ[4] તો પણ સિદ્ધપણું ન લોપાએ-સાહિબા૦
જિમ મુગટાદિક ભૂષણ કહેવાએ, પણ કંચનની કંચનતા ન જાએ
—સાહિબા૦(૬)

ભક્તની કરણી દોષ ન તુમને, અઘટિત કેહવું અજુક્તને અમને-સાહિબા૦
લોપાએ નહિ તું કોઈથી સ્વામી, **મોહનવિજય** કહે શિરનામી
—સાહિબા૦(૭)

---

૧. પાંચમા = યથાખ્યાત ચારિત્રના ૨. પ્રથમથી ૩. વિચારી ૪. બેસાડાય છે

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(મુરલી વાઈ છે રે રસાલ, મુરલી સાંભળવા જઈએ-એ દેશી)**

પ્રભુની વાણી જોર રસાળ, મનડું સાંભળવા તલસે
સ[1]-જલ-જલદ જિમ ગાજતો, જાણું વરસે અમૃતધાર-મનડું૦
સાંભળતાં લાગે નહીં, ખિણ ભૂખને તરસ લગાર -મનડું૦.....(૧)
તિર્યંચ મનુષ્યને દેવતા સહુ, સમજે નિજ નિજ વાણ-મનડું૦
યોજન[2]-ખેત્રો વિસ્તરે, નય-ઉપનય રતનની ખાણ-મનડું૦.....(૨)
બેસે હરિ[3]-મૃગ એકઠા, ઊંદર-માંજારના[4] બાળ-મનડું૦

મોહ્યા પ્રભુની વાણીયે, કોન કરે કેહની આળ[5]-મનડું૦....(૩)
સહસ વરસ જો નિગમે[6], તોહે તૃપ્તિ ન પામે મન્ન-મનડું૦
શાતાયે સહુ જીવના, રોમાંચિત હુવે તન્ન-મનડું૦....(૪)
વાણી સુવિધિ-જિણંદની, શિવરમણીની દાતાર-મનડું૦
**વિમલવિજય** ઉવઝાયનો, શિષ્ય **રામ** લહે જયકાર-મનડું૦.....(૫)

---

૧. પાણીવાળા = આષાઢી-મેઘની ૨. એક યોજન = ચાર ગાઉના વિસ્તારમાં ૩. સિંહ-હરણ ૪. બિલાડી ૫. નુકસાન ૬. જાય

## કર્તા : શ્રી રામવિજયજી મ.

**(સોવન લોટા જળે ભર્યા કુંડાલી દોરી, શ્યાં શ્યાં દાતણ દેસ રે લેજો રામ લોને દોરી-એ દેશી)**

સુવિધિ-જિણેસર ! જાગતો, મનમોહન સ્વામી
રાય સુગ્રીવનો નંદન રે, વંદો લાલ અંતરયામી..(૧)

ભરિય કચોલી[1] કુંકુમે[2], માંહે મૃગમદ[3] ઘોળી
પૂજો પ્રભુ નવ અંગ રે, લાલ સહિયર[4]-ટોળી..(૨)

કેસરની આંગી રચી, માંહે હીરા દીપે
જોર બન્યો જિનરાજ રે, તેજે લાલ સૂરજ જીપે..(૩)

મુગટ ધર્યો શિર શોભતો, મણિ રયણ બિરાજે
ઝલકે કુંડળ જોડ રે, હઈડે હાર નિર્મળ છાજે..(૪)

કરી પૂજા મન ભાવશું, પ્રભુ હઇડે ધરતી
ધરતી ઉઠવતી પાય રે, જોવે લાલ જિનમુખ ફરતી..(૫)

કાકંદી નયરી ધણી, શત ધનુષની કાયા
લાખપૂરવનું આયુ રે, નવમો લાલ એ જિનરાયા..(૬)

**શ્રી સુમતિવિજય** પ્રભુ-નામથી, નિત મંગળિક માળા
**રામવિજય** જયકાર રે, જપતાં લાલ જિન ગુણમાળા..(૭)

---

૧. વાટકી ૨. કેશરથી ૩. કસ્તૂરી ૪. સખીઓની ટોળી

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

### (માલા ક્યાં છે રે-એ દેશી)

તાહરી અજબ[૧] શી જોગની મુદ્રા રે, લાગે મુને મીઠી રે
એ તો ટાળે મોહની નિદ્રા રે, પ્રત્યક્ષ દીઠી રે
લોકોત્તર શી જોગની મુદ્રા, વાલ્હા મારા-નિરૂપમ આસન સોહે
સરસ રચિત શુકલધ્યાનની ધારે, સુર-નરનાં મન મોહે રે-લાગે૦(૧)

ત્રિગડામાં રતન સિંહાસન બેસી વાલ્હા૦ ચિહું દિશે ચામર ઢળાવે
અરિહંતપદ પ્રભુતાનો ભોગી, તો પણ જોગી કહાવે રે-લાગે૦(૨)

અમૃત ઝરણી મીઠી તુજ વાણી વાલ્હા૦ જેમ આષાઢો ગાજે
કાનમારગ થઈ હિયડે પેસી, સંદેહ મનના ભાજે રે-લાગે૦(૩)
કોડિગમે ઊભા દરબારે વાલ્હા૦ જયમંગળ સુર બોલે
ત્રાણ ભુવનની રિદ્ધિ તુજ આગે, દીસે ઇમ તૃણ તોલે રે-લાગે૦(૪)

ભેદ લહું નહિં જોગ[2] જુગતિનો વાલ્હા૦ સુવિધિ જિણંદ ! બતાવો
**પ્રેમ શું કાંતિ** કહે કરી કરુણા, મુજ મન - મંદિર આવો રે-લાગે૦(૫)

૧. અપૂર્વ ૨. યોગની રીતિ = નીતિનો

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (શેત્રુંજાનો વાસી પ્યારો લાગે માહરા રાજિંદો-એ દેશી)

દરશનિયાનો[1] સ્વામી પ્યારો લાગે મ્હારા રાજિંદા
તુંહી જ બ્રહ્મા બ્રાહ્મણ જાણે, વૈષ્ણવ વિષ્ણુ વખાણે -મ્હારા૦ દરિ૦(૨)
રૂદ્ર તપસ્વી તુજને ભાખેં, સઘળા તુજ દિલ રાખે -મ્હારા૦ દરિ૦(૩)
જૈન જિનેદ્રં કહે શિવદાતા, બુદ્ધ બૌધમત રાતા -મ્હારા૦ દરિ૦(૪)
કૌલિક કૌલ કહી ગુણ ગાતા, ષટ દરશણનો તાતા -મ્હારા૦ દરિ૦(૫)
રૂપ અનેક સ્ફટિકમાં ભાસે, વર્ણ[2] ઉપાધિને[3] પાસે[4] -મ્હારા૦ દરિ૦(૬)
ખટ દરશન સવિ તુજને ધ્યાવે, એક અનેક કહાવે -મ્હારા૦ દરિ૦(૭)
વિવિધ-રૂપ જળ ભૂમિ-વિભાગે, તિમ તું દરશન લાગે -મ્હારા૦ દરિ૦(૮)
કેવળ ધ્યાન-ગમ્ય દિલ રાજે, કેવળજ્ઞાન વિરાજે -મ્હારા૦ દરિ૦(૯)
**ન્યાયસાગર** પ્રભુ સુવિધિ મલ્હાવે, મહાનંદ પદ પાવે -મ્હારા૦ દરિ૦ (૧૦)

૧. સમ્યગ્દર્શનનો ૨. રંગ ૩. બાહ્યચીજના ૪. સંયોગથી

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(લાછિલદે માત મલ્હાર-એ દેશી)

નવમા સુવિધિજિણંદ, સમતા સુરતરૂ કંદ,
આજ હો ! નેહેંરે સય[1] દેહે આવીને મિલ્યોજી..(૧)

સુગ્રીવનૃપ જસ તાય, રામારાણી માય,
આજ હો ! ગંગા રે તરંગો પરે પ્રભુ ઉજળોજી..(૨)

જિત્યો કામવિકાર, ન રહ્યો જાસ પ્રચાર,
આજ હો ! માનું રે મકરધ્વજ ધાર્યો તે ભણીજી..(૩)

નામે નવહ નિધાન, આવી મિલે એક તાન,
આજ હો ! જેહની રે આણા છે, નવ તત્ત્વે મિલીજી...(૪)

અવમ[2] અવિધિ કરે નાશ, પ્રગટે બુદ્ધિવિલાસ,
આજ હો ન્યાયે રે ઇણે સુવિધિ નામ ધરાવિઉંજી..(૫)

---

૧. સાક્ષાત ૨. ઓછાશ

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

(વાડી ફૂલી અતિ ભલી મન ભમરા રે-એ દેશી)

સુવિધિ જિનપતિ સેવીયેં-મનમોહન મેરે, અંતર સુવિધિ ચંદ-મન૦
નેવું કોડી સાગરતણું-મન૦ પ્રણમો ભવિજનવૃંદ-મન૦..(૧)

ફાગુણ વદી નવમી ચવ્યા-મન૦, રામા ઉરસરહંસ-મન૦
માગશિર વદી પાંચમે જણ્યા-મન૦ દીપાવ્યો સુગ્રીવવંશ-મન૦...(૨)

એકસો ધનુષ કાયા ભલી-મન૦ વરણ ચંદ અનુહાર-મન૦
માગશિર વદી છઠે વ્રતી-મન૦ લીધો સંયમભાર-મન૦..(૩)

સુદી કારતિક ત્રીજે થયા-મન૦ લોકાલોકના જાણ-મન૦
ભાદ્રવા સુદી નવમી દિને-મન૦ પ્રભુ પામ્યા નિર્વાણ-મન૦..(૪)

દોય લાખ પૂરવ તણું-મન૦ જિનવર ઉત્તમ આય-મન૦
**પદ્મવિજય** કહે પ્રણમતા-મન૦ આપદ દૂર પલાય-મન૦..(૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (મનમોહના રે લાલ-એ દેશી)

સુવિધિ જિનેસર સાહિબા રે-મનમોહના રે લાલ
સેવો થઈ થિર થોભ રે-જગસોહના રે લાલ
સેવા નવિ હોયે અન્યથા રે-મન૦ હોયે અથિરતાયે ક્ષોભ રે-જગ૦...(૧)

પ્રભુ સેવા અબુદ-ઘટા રે-મન૦, ચઢી આવી ચિત્ત માંહી રે-જગ૦
અથિર પવન જબ ઉલટે રે-મન૦, તબ જાયે વિલઇ ત્યાંહી રે-જગ૦...(૨)

પુંશ્ચલી શ્રેયકરી નહીં રે-મન૦ જિમ સિદ્ધાંત-મઝાર રે-જગ૦
અથિરતા તિમ ચિત્તથી રે-મન૦ ચિત્રાવચન-આકાર રે-જગ૦...(૩)

અંતઃ કરણે અથિરપણું રે-મન૦ જો ન ઉધર્યું મહા શલ્ય રે-જગ૦
તો શ્યો દોષ સેવા તણો રે–મન૦, નવિ આપે ગુણ દિલ્લ રે–જગ૦...(૪)

તિણે સિદ્ધમાં પણ વાંછીઓ રે–મન૦, થિરતા રૂપ ચરિત્ત રે–જગ૦
જ્ઞાન-દર્શન અ-ભેદથી રે–મન૦, રત્નત્રયી ઈમ ઉત્ત રે–જગ૦...(૫)

સુવિધિજિન સિદ્ધિ વર્યા રે–મન૦, ઉત્તમ ગુણ અનૂપ રે–જગ૦
**પદ્મવિજય** તસ સેવથી રે–મન૦, થાયે નિજ ગુણ-ભૂપ રે–જગ૦...(૬)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (સુમતિનાથ ગુણશું મિલીજી-એ દેશી)

સુવિધિ જિણંદ શુભ ધ્યાનથીજી, સદ્દહણા શુચિ ભોગ
તેહથી નાણ ચરણગુણાજી, વિકસે થિર ત્રિક જોગ,
ગુણવંતા ! સુમનજન ! ધ્યાવો જિન જગદીશ૦(૧)

ભમતાં ભવકંતારમાંજી[૧], ગિરિશિરોપલ પરેં જીય,
અનાભોગે લહુકમ્મ કરીજી, ભેદે ગ્રંથિ ભવબીય–ગુણ૦(૨)

ક્ષિણ ક્ષિણ શુદ્ધ થાતો થકોજી, અંતરકરણ પઇઠ,
કર્મસુભટ અરી જીતીનેંજી, વિઘટે રે મિથ્યા અનિઠ–ગુણ૦(૩)

ઉપશમાદિ સમકિત લહેજી, તુજ સુપસાય રે નાથ,
તવ સ્તવના વિષે યોગ્યતાજી, હોયે તે જીવ સનાથ–ગુણ૦(૪)

અમલ અખંડ અલિપ્તતાજી, સ્વરૂપરમણ અવિનાશી,
વાસવ સુરનર મુનિવરૂજી, આજીવિત સુપ્રયાસી–ગુણ૦(૫)

ગુણસ્તવના પ્રતિદિન કરેજી, તદપિ ન પામે રે પાર,
દ્રવ્યસ્તવના વચનાદિકેજી, ભાવથી તન્મય સાર–ગુણ૦(૬)

સાધક સિદ્ધતા હેતુનેજી, અવલંબે રે મતિવંત,
ભેદ મિટે પ્રગટે મહાજી, **સૌભાગ્ય-લક્ષ્મી** અનંત–ગુણ૦(૭)

---

૧. જંગલમાં

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

સુવિધિ જિનેશ્વર ! સ્વામિજી, તમે ઋદ્ધિ અનંતી પામીજી,
સાહેબ સાંભળો
જે ઋદ્ધિનો હું છું કામીજી,[1] તે વિનતિ કરું શિર નામીજી
સાહેબ૦ સુવિધિ૦(૧)

ત્રણ-ગઢમાં બેઠા સોહેજી, ભવિ-જનના મન મોહેજી-સાહેબ૦
શિર-ઉપર છત્ર બિરાજેજી, ત્રણે-લોકના સંશય ભાજેજી-
સાહેબ૦ સુવિધિ૦ (૨)

વાજિંત્ર કોડાકોડી વાજેજી, સવિ પર્ષદા રહે કર જોડીજી- સાહેબ૦
વાણી તિહાં અમીય[2]-સમાણીજી, સાંભળે સવિ ઇંદ્રાણીજી
સાહેબ૦ સુવિધિ૦ (૩)

બેહુ પાસે ચામર લહકેજી, પંચ-વર્ણી કુસુમ બહુ મહકેજી; સાહેબ૦
ઇમ જે તુજ ઋદ્ધિના રસિયાજી, તસ પાપ-બંધ સવિ ખસિયાજી
સાહેબ૦ સુવિધિ૦ (૪)

એમ વિનતી કરી પ્રભુ તૂઠયાજી, -શ્રીસુવિધિ જિનેશ્વર વુઠ્યાજી—સાહેબ૦
ઋદ્ધિ-**કીર્તિ** અનંતી આપેજી, શિવ-પદવી મુજને થાયેજી
સાહેબ૦ સુવિધિ૦ (૫)

---

૧. ઇચ્છુક ૨. અમૃતસમાન

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

સુવિધિ જિનેશ્વર સાહિબા, વિનતડી હે મારી અવધાર કે
સાર કરો હવે માહરી, ચિત્ત ચોખે હે નિજ નયણ નિહાલ કે
—સુવિધિ૦ (૧)

સહુ સ્વારથીઓ જગ અછે, વિણ સ્વારથ હે દુઃખનો કોણ જાણ કે
તું વિણ બીજો કો નહીં, પરમારથ હે પદનો અહિઠાણ કે
—સુવિધિ૦ (૨)

તું ગાજે શીર ગાજતે, આશ પરની હે કરવી શું કામ કે
છાંયડી બાવલ કો લીએ, સુખદાયક હે છાંહ સુરતરુ પામી કે
—સુવિધિ૦ (૩)

મીઠી જૂઠી વાતની, કંકલના હે નવિ જાણે બાલ કે
બોલ અમોલ કરે પિતા, જગમાંહી હે તું લીલ ભૂપાલ કે
—સુવિધિ૦ (૪)

વાનો **વિમલ** વધારસ્યો, સેવકને હે તું વાંછયું દેઈ **દાન** કે
ભક્તિવશે કહે બાલ હે, ભક્તિવચ્છલ હે બિરુદ સુણ્યો કાન કે
—સુવિધિ૦ (૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (સુણ મેરી સજની રજની ન જાવે રે-એ દેશી)

નવમા સુવિધિ જિણેસર નમીયેં રે, જિમ ભવસાગર માંહિ ન ભમીયે રે
નિર્મલ મન વચ કાયા દમીયે રે, તો દુરિત સવિ દુઃખ દૂરે ગમીયે રે
—નવમા૦ (૧)

રામારાણી ઉદરે ઊપનો રે, જિમ મુગતાફળ સીપે નિપનો રે
સુગ્રીવ નરવરકુલ-અવતંસ રે, ભવિક કમલ વનરાય હંસ રે
—નવમા૦ (૨)

તુજ વિણ અવર ન કોઈ રસિયો રે, માહરા મનમાં તુંહી જ વસિયો રે
તુજ દીઠે હિયડો ઉલ્લસિયો રે, જિમ ચંદ્ર દીઠે સાયર ધસિયો રે
—નવમા૦ (૩)

ધન રમણી વલ્લભ સંયોગે રે, દેવમનુજ ગતિના વર ભોગ રે
તું તુઠે સ્વામી પામીજે રે, તાહરી સેવ નિરંતર કીજે રે
—નવમા૦ (૪)

એકસો ધનુષનું દેહ પ્રમાણ રે, હો પૂરવ લખ આઉખું જાણ રે
પંડિત **મેરુવિજય** સુજાણ રે, **વિનીતવિજય** કરે ગુણ વખાણ રે
—નવમા૦ (૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-પરજ)

ઘરીએ ઘરીએ યાદ આવે, દિલોદા પ્યારા સાંઈ સલોના—ઘરી૦
રામાનંદ દિલસોં ન બિસરે, કહા જુ કીઓ કછુ ટોના—દિ૦..(૧)
તો બિન મો મન પલ પલ છિન છિન, હોત હૈ ઊનાદૂના—દિ૦..(૨)
સરસ સુધારસ સમરસ મિલબેતેં, કોન ચખે જડ લોના—દિ૦..(૩)
રાગ ભયો પ્રભુસોં યોં મેરે, પાન સોપારી કાથા ચૂના—દિ૦..(૪)
ઈન કારન **અમૃત** દિલ વસિયે, નૃપદઢરથકે છોના—દિ૦..(૫)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

**(ચંદનબાલા બારણે રે લોલ-એ દેશી)**

વિધિશું સુવિધિ[૧] જિણંદની રે લોલ, સેવ કરું નિશદીશ—
મન મોહિઓ રે।
આઠ કર્મ દૂરે કર્યાં રે લોલ, નામે સુર-નર શીશ—
મન૦ વિધિશું૦ ॥૧॥

સુગ્રીવ[૨]વંશ-દિવાકરૂ રે લોલ, રામા[૨] માત મલ્હાર-મન૦
પૂરવ દોય લખ આઉખું[૪] રે લોલ, પુષ્પદંત[૧] જયકાર
મન૦ વિધિશું૦ ॥૨॥

કાકંદીપુરી[૫] જેહની રે લોલ, લંછન[૬] મઘર અનૂપ-મન૦
શતધનુ માને દેહડી [૭] રે લોલ, શોભે એક સુરૂપ
મન૦ વિધિશું૦ ॥૩॥

સોહે દોય લખ રસંજતી[૮] રે લોલ, અઠ્યાશી [૩]ગણનાથ[૯]-
મન૦ વિધિશું૦

વીશસહસ એક લાખ છે રે લોલ, સાહુણી[૧૦] પ્રભુ સાથ–
મન૦ વિધિશું૦॥૪॥

અજિતાયક્ષ[૧૧] સુતારીકારે[૧૨] લોલ, પૂજે જિનપતિપાય
મન૦ વિધિશું૦

**પ્રમોદસાગર** પ્રભુ-ધ્યાનથી રે લોલ, સમકિત નિર્મલ થાય
મન૦ વિધિશું૦॥૫॥

---

૧. પ્રભુજીનું બીજું નામ ૨. સાધ્વી ૩. ગણધર

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (કપૂર હોવે અતિ ઊજળો રે—એ દેશી)

સુવિધિનાથ જગનાથજી રે, અનુપમ સુવિધિનિધાન ।
અવિધિ દોષ સવિ વારતા રે, કરતા સકળ વિધાન રે ।
સ્વામી ! બલિહારી તુમ ધર્મ ॥
જે આપે શિવશર્મ રે સ્વામી, દૂર હરે ભવ ભર્મ રે-સ્વામી—બલિ૦॥૧॥

વિધિ ભાખ્યો અરિહંતજી રે, સકલ જીવ સુખકાર ।
હિંસા અવિધિ જિહાં નહીં રે, જીવદયા નિધિસારરે-સ્વામી—બલિ૦॥૨॥

જે વિધિ કહો જગતાતજી રે, તે વિધિ મેં નવિ થાય ।
વિધિ વિના શિવપદ નહીં રે, હવે શ્યો સિદ્ધિ ઉપાય રે-સ્વામી—બલિ૦॥૩॥

વિધિ-અવિધિ જાણું નહીં રે, સેવું પ્રભુના પાય ।
બાંહ્ય ગ્રહ્યાની લાજથીરે, આપે તારશો જિનરાય રે-સ્વામી—બલિ૦॥૪॥

તારક બિરુદ જિણંદનો રે, જગમેં છે સુપ્રસિદ્ધ ।
તે ઈણ ઠામે કિમ રહે રે, જો મુજ કાજ ન સિદ્ધ રે-સ્વામી—બલિ૦॥૫॥

પોતાવટ જાણી કરી રે, આપો અવિચળ રાજ ।
**વાઘજી મુનિના ભાણનાં** રે, એટલે સિદ્ધાં કાજ રે,-સ્વામી—બલિ૦॥૬॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

**(ઊગ્યો શરદપૂનમનો ચંદ, મુજને ઉપજ્યો રે આનંદ)**

સુવિધિ જિનસેરજીશું પ્રીત, માહરા મનની અવિહડ રીત ।
એહ વિણ ન ગમે બીજો કોઈ, જાણું રહીએ સેવક હોય૦॥૧॥

મોહ્યો માલતી-ફૂલે [1]ભૃંગ, ન કરે બાઉલ તરૂશું રંગ ।
ગંગાજળમાં નાહ્યા જેહ, છીલર જળશું ન કરે નેહ૦॥૨॥

સરોવર ભરિયાં બહુળે નીર, જળધર વિણ નવિ પિયે [2]કીર ।
કમલિની દિનકર કુમુદિની ચંદ, એહથી વાધે અધિક આણંદ.નેહ૦॥૩॥

ગૌરી કમળા હર હરી જેમ, વાધે દિન દિન વધતો પ્રેમ ।
કોકિલ પામી તરૂ સહકાર, મંજરીશું તે અધિકો પ્યાર૦॥૪॥

તિણિપરે તુમ ગુણશું છે રાગ, માહરો જાગ્યો પૂરણ ભાગ ।
**શ્રી અક્ષયચંદ સૂરીશ પયાસ, ખુશાલમુનિ પ્રભુના ગુણગાય૦॥૫॥**

૧. ભમરો ૨. ચાતક

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (પ્રભુજીની ચાકરીરે-એ દેશી)

અલવેસર અવધારીયે રે, સેવકની અરદાસરે;—સલૂણા સાંભળો રે ।
ચરણ-કમળની ચાકરીરે, માંગુ છું તુમ પાસરે.—સલૂણા૦॥૧॥

જગ એક મિત્ર તે માંહરે રે, તે તો રહ્યો તુજ સંગ રે—સલૂણા૦
અવસર લહી જબ આપણો રે, આવી કહે મન રંગ રે—સલુણા૦॥૨॥

[1]ધનમાં રહી જિમ [2]દામિની રે, કરતી હાલકલોલ, રે—સલૂણા૦
ઇમ અમે ગુણશું ગુણ ભળી રે, તુજશું ખેલાખેલ રે—સલૂણા૦॥૩॥

[3]પયમાં મણિમથ[4] ભેળવી રે, પીવે મૂરખ બુધ રે—સલૂણા૦
રસના રસની લાલચે રે, જો હોએ સાકર-દૂધ રે—સલૂણા૦॥૪॥
મોટાથી મોટા થઈએ રે, કનક કચોલે નીર રે—સલૂણા૦
ખીરોદકની (ઉનતા) ઉપમા રે, તે પામે નર ધીર રે—સલૂણા૦॥૫॥

કાકંદી નગરી ધણી રે, મગર-લંછન જસ પાય રે;—સલૂણા૦
સુવિધિ-જિનેસર વંદતારે, ભવ-ભવના દુઃખ જાય રે—સલૂણા૦॥૬॥

એ હિતશીખની વાતડી રે, જાણે જાણ સુજાણ રે,—સલૂણા૦
**નવલ-ચતુર**ની ચાતુરીરે, મ કરો ખેંચાતાણ રે—સલૂણા૦॥૭॥

૧. મેઘઘટામાં ૨. વીજળી ૩. દુધમાં ૪. સિંધાલૂણ

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (થારા મહેલાં ઉપર મેહ જરૂખે-એ દેશી)

દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો-હો લાલ—સમાધિ૦,
ભાસ્યો આત્મસ્વરૂપ અનાદિનો વિસર્યો હો લાલ—અનાદિ૦
સકળ વિભાવ ઉપાધિ થકી મન ઓસર્યો હો લાલ—થકી૦,
સત્તા-સાધન માર્ગ ભણીએ સંચર્યો-હો લાલ—ભણી૦ ॥૧॥

તુમ પ્રભુ જાણગ રીતિ સર્વ જગ દેખતાં હો લાલ—સ૦,
નિજ-સત્તાએ શુદ્ધ સહુને લેખતાં હો લાલ સહુ૦
પરપરિણતિ અદ્વેષપણે ઉવેખતાં-હો લાલ—પણે૦,
ભોગ્યપણે નિજ-શક્તિ અનંત, ગવેખતા હો લાલ—અનંત૦ ॥૨॥

દાનાદિક નિજ-ભાવ હતા જે પરવશ્યા-હો લાલ—હતા૦,
તે નિજ સન્મુખ-ભાવ ગ્રહે લહી તુજ દશા-હો લાલ—ગ્રહે૦
પ્રભુનો અદ્ભૂત યોગ-સ્વરૂપતણી રસા-હો લાલ—સ્વરૂપ૦,
ભાસે વાસ તાસ જાસ ગુણ તુઝ જિસા-હો લાલ—ગુણ૦ ॥૩॥

મોહાદિકની ધૂમિ અનાદિની ઊતરે-હો લાલ—અનાદિ૦,
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે-હો લાલ—સ્વ૦
તત્ત્વ-રમણ શુચિ-ધ્યાન ભણી જે આદરે-હો લાલ—ભણી૦,
તે સમતારસ-ધામ સ્વામી ! મુદ્રા વરે-હો લાલ—સ્વામી૦ ॥૪॥

પ્રભુ ! છો ત્રિભુવનનાથ ! દાસ હું તાહરો હો લાલ-દાસ૦,
કરૂણાનિધિ અભિલાષ અછે મુજ એ ખરો હો લાલ—અછે૦
આતમ વસ્તુ-સ્વભાવ સદા મુજ સાંભરો-હો લાલ-સદા૦,
ભાસન-વાસન એહ ચરણ ધ્યાને ધરો-હો લાલ—ચરણ૦ ॥૫॥

પ્રભુ-મુદ્રાનો યોગ પ્રભુ ! પ્રભુતા લખે હો લાલ—પ્રભુ૦,
દ્રવ્યતણે સાધર્મ સ્વ-સંપત્તિ ઓલખે હો લાલ—સ્વ૦
ઓલખતાં બહુમાન-સહિત રૂચિ પણ વધે હો લાલ—સ૦,
રૂચિ-અનુયાયી વીર્ય-ચરણ-ધરા સધે-હો લાલ—ચરણ૦ ॥૬॥

ક્ષાયોપશમિક ગુણ સર્વ થયા તુજ ગુણ-રસી-હો લાલ—થયા૦,
સત્તા સાધન શક્તિ વ્યક્તતા ઉલ્લસી હો લાલ—વ્યક્તતા૦
હવે સંપૂરણ સિદ્ધ તણી શી વાર છે-હો લાલ—તણી૦,
દેવચંદ્ર જિનરાજ જગત-આધાર છે-હો લાલ જગત૦ ॥૭॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (રાજગૃહી નગરીનો વાસી, શ્રેણિકનો સુત સુવિલાસી હો-મુનિવર વૈરાગી-એ દેશી)

સુવિધિ સુવિધિના રાગી, એક અરજ કરૂં પાય લાગી-હો જિનવર સોભાગી ।
દીદાર દીઠે વડભાગી, ભલી ભાગ્યદશા મુજ જાગી હો—જિન૦॥૧॥

સુણ શિવરમણીના કંત ! મનમોહન તું ગુણવંત હો—જિન૦
સુખ વાંછિત દીજે સંત, પ્રભુ પામ્યા જેહ અનંત હો—જિન૦॥૨॥

લાયકથી લાયક લાજ, લહીયે મહીયલ મહારાજ હો—જિન૦
ગુણગ્રાહી ગરીબ-નિવાજ, પય પ્રણમી કહું પ્રભુ આજ હો—જિન૦॥૩॥

રાગી રસ અનુભવ દીજે, સુપસાય એ તો અમ કીજે હો જિન૦
સાચાને સાચ દાખીજે, જિનજી તો જસ પામીજે હો–જિન૦॥૪॥

મત ચૂકો માનવ ! ખેવ, તારક છે એહીજ દેવ હો–જિન૦
જગ જુગતિ છે નિતમેવ, કહે **જીવણ** પ્રભુપય સેવ હો–જિન૦..॥૫॥

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (જી હો ! વિમલ-જિનેશ્વર સુંદરુ)

જી હો ! સુવિધિ-જિનેશ્વર સારીખો, સખી ! નહીં બીજો જગમાંહિ ।
જી હો ! વિવિધ-પ્રકારે વિલોકતાં, સખી ! નજરે આવ્યો નાંહિ ।
જિનેસર ! તું ત્રિભુવન-શિરદાર
જી હો ! જિમ [1]વારિધિ રયણે ભર્યો, સખી ! તિમ તું ગુણભંડાર
–જિને૦॥૧॥

જી હો ! સુર હરિ-હર-પ્રમુખ બહુ, સખી ! છે જગમાંહી જિણંદ ।
જી હો ! પણ તેહ-તુઝમાં આંતરુ, સખી ! સરસવ-મેરુગિરીંદ
–જિને૦॥૨॥

જી હો ! લક્ષણ-હીન ને લાલચી, સખી ! પલપલ જે પલટાય ।
જી હો ! એહવા સુર શું કીજિયે ? સખી ! એકો અર્થ ન થાય
–જિને૦॥૩॥

જી હો ! નિરલોભી ગુણસાયરૂ, સખી ! અ-વિચલ એક સ્વભાવ ।
જી હો ! પર-ઉપગારી તું સહી, સખી ! તરણ-તારણ[2] ભવપાથ
–જિને૦॥૪॥

જી હો ! તુજ છાંડી કુણ અવરની, સખી ! બાંહ્ય ગ્રહે ! બુદ્ધિહીન !
જી હો ! તુજ ચરણાંબુજ ભમર જ્યું, સખી ! **દાનવિજય** લયલીન
—જિને૦ ॥૫॥

૧. સમુદ્ર ૨. સંસારરૂપ સમુદ્ર

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

### (અનંતવીરજ અરિહંત ! સુણો મુજ વિનતિ-એ દેશી)

વિધિશું સુવિધિ-જિનેશને વંદવા ઉમહ્યા,
મન મેરા જિનનાથ ! ગુણે કરી ગહગહ્યા ।
અપરાધીના વાંક તુમે સવિ [1]સાસહ્યા,
ઇણ વાતે એક આંક જગત શિર સદ્દહ્યા...॥૧॥
તેં સમતા સંતોષ દયા ગુણ સંગ્રહ્યા,
માયા મમતા દોષ સવે તે નિગ્રહ્યા ।
[2]ધ્યાન-અનલ-બલયોગથી ઇંધણ પરે દહ્યા,
શુકલ-ધ્યાન-જલ [3]થાક કે પંક સવે વહ્યા...॥૨॥
તે બાવીશ પરિસહ સાહસધર સહ્યા,
તું મુજ મન વિશ્વાસ ચરણ તુમ મેં ગ્રહ્યા ।
ઉગમતે જિમ ભાણ પંખીજન ચહચહ્યા,
તિમ તુમ દીઠે નૂર ભવિ સહુ સામહ્યા...॥૩॥
ભાગ્ય-ઉદયથી આજ ભલા પ્રભુ એ લહ્યા,
અંગ અડયો બહુ રંગ અમી-રસ પરિવહ્યા ।
ઉપગારી જિનરાજ સમા જગ કુણ કહ્યા,
તપ-જપ હીણ તે પણ તેં જન નિરવહ્યા...॥૪॥

મુજ મન-કમલે નિત્ય હંસા પરે તુમ રહ્યા,
જસ પરિમલ તુજ સ્વામી સદા જગ મહમહ્યા ।
તારક ! પાર ઉતાર મેં પાયક તુજ ગ્રહ્યા,
કરો સરસ રસ-રેલ કે **મેઘ** જયું ઉન્નહ્યા...॥૫॥

---

૧. ખૂબ ખમ્યા ૨. ધ્યાનરૂપ અગ્નિના પ્રબળ યોગથી ૩. પામીને

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (બંધ સમય ચિત્ત ચેતીયે-એ દેશી)

સુવિધિ-જિનેસર ! સાંભળો, તું પ્રભુ નવનિધિ દાય—સાહિબજી ।
તુજ સુ-પસાયે સાહિબા, મન-વાંછિત ફળ થાય-સાહિબજી ! સુવિધિ૦॥૧॥

તું સાહિબ સમરથ લહી, બીજાશું કેહી પ્રેમ ?-સાહિબજી ।
છોડી સરોવર હંસલો, છીલ્લર રીઝે કેમ ?-સાહિબજી ! સુવિધિ૦॥૨॥

રયણ-ચિંતામણિ પામીને, કુણ કાચે લોભાય-સાહિબજી ।
કલ્પતરૂ-છાયા લહી, કુણ બાવલ કને જાય ?-સાહિબજી ! સુવિધિ૦॥૩॥

થોડી હી અધિકી ગણું, સેવા તુમચી દેવ-સાહિબજી ।
કરે ગંગાજલ-બિંદુઓ, નિર્મલ સર નિતમેવ-સાહિબજી ! સુવિધિ૦ ॥૪॥

સમરથ દેવ ? સિર-તિલો, ગુણનિધિ ગરીબ-નિવાજ-સાહિબજી ।
મોહે નિવાજો મયા કરી, સાહિબ ! સુવિધિ-જિનરાજ-સાહિબજી ! સુવિધિ૦ ॥૫॥

તુજ ચરણે મુજ મન રમે, જેમ ભ્રમર અરવિંદ-સાહિબજી ।
**કેશર** કહે સુવિધિ-જિના, તુમ દરિસણ સુખ-કંદ-સાહિબજી ! સુવિધિ૦ ॥૬॥

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

### (નીંદલડી વૈરિણી હુઇ રહી-એ દેશી)

સુવિધિ જિણંદ તુમ્હ ચાકરી, કિમ કીજે ? હો ! ત્રિભુવનના નાથ ! કે
તું નિરાગી હું રાગીઓ, [1]કિમ વાજે હો ! તાલી એકણિ હાથ ! કે–
ગુણ ગિરૂઆ હો, આતમ આધાર, અરજ સુણો મહારાજજી॥૧॥

ઘોડો દોડી દોડી મરે, નવિ આણે હો ! મનમાં અસવાર કે ।
પ્રેમે પતંગ પડે સહી, નવિ જાણે હો !
દીવો નિરધાર કે-અરજ સુણો૦॥૨॥

નિરખી ન તું [2]નેહે કરી, વલી ન ધરે હો ! ચિત્તમાં હે પ્રેમ કે ।
એક-પખી પ્રભુ ! પ્રીતડી, કિમ નિરવહે ? હો !
જિનજી અવધારિ કે-અરજ સુણો૦॥૩॥

[3]અંતર-ગત તો તાહરો, સહુ સાથે હો ! સરિખો છે ને કે ।
તે જાણી ને કીજે, તુમ્હ સેવા હો !
સાહિબ ગુણ-ગેહ કે-અરજ સુણો૦॥૪॥

અધિક ન માગું તુમ્હ કને, સેવક જાણી હો !
રાખો [4]નિજ-પય પાસ કે । **કનકવિજય** નિત આપીએ,
સુખ સંપતિ હો ! બહુ લીલ-વિલાસ કે-અરજ સુણો૦॥૫॥

---

૧. એક હાથે તાલી કેમ વાગે ? (પ્રથમ ગાથાની ચોથી લીટીનો અર્થ) ૨.સ્નેહથી ૩. આધ્યાત્મિક રીતે ૪. પોતાના પગની પાસે

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

(ગઢ બુંદીના હાડા વાલા વાસા ચલન ન દેસ્યું એ-દેશી)

ભવ - ભય - ભંજન છો ભગવંતા;
અષ્ટ-કર્મ અરિહંતા હો-સાહિબ સુવિધિ-જિનેસર ।
સુર-નર [1]ચરચિત કેસર, [2]દોહગ-તિમિર-દિણેસર,-
પ્યારો ! પરમેસર-પ્રભુજી ! પ્રસન્ન હોજો૦...॥૧॥
એહવા નિઠુર ન હોજો હો, રાણી રામાના જાયા,
સુર-નર નારી ગુણ ગાયા । તારણ ત્રિભુવન રાયા,
મૂરતિ મોહન માયા–પ્રભુજી૦॥૨॥
હું તુમ રાગી સાહિબ નિપટ [3]નિરાગી, તો પણ મુઝ લય લાગી હો
હું નવિ છોડું તું સ્વામી તું, મુઝ અંતર્યામી,
તુમ-સમ અવરન [4]નામી જેહનેં સેવું સિર નામી–પ્રભુજી૦॥૩॥
[5]છેહ ન દીજે, સેવક સાર કરીજે, [6]નિપટ નિરાશ ન કીજે હો ।
સાહિબ સમરથ જાણી, પૂરણ પ્રીત બંધાણી,
પાલો નેહ-નિશાની, સેવકશું હિત આણી-પ્રભુજી૦॥૪॥
નેહ નિવાહો નેહી આશ પુરજો, દૂરગતિ ચિંતા ચૂરજો હો !
મુરતિ મોહનગારી । કિમહી ન જાએ વિસારી,
પ્રાણ થકી પણ પ્યારી, રૂચિર સદા સુખકારી –પ્રભુ૦॥૫॥

---

૧. પૂજાયેલ ૨. દૌર્ભાગ્યરૂપ અંધારા માટે સૂર્ય જેવા ૩. એકદમ ૪. પ્રસિદ્ધ ૫. વિયોગ ૬. ખરેખર

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (વીછીયાની દેશી)

મુજ સુવિધિ-જિણેસર મન વસ્યો, અંતર્યામી અરિહંત રે ।
દેહમાં દૂષણ દીસે નહી, ગુણ-રત્નાકર ભગવંત રે—મુજ૦ ॥
[1]પાણીવલ [2]પડખે ન[3] પ્યાર રે, વલી નવો જગાંવઇ નેહલો,
સંભરાવઇ વારો વાર રે—મુજ૦॥૧॥
હું તો એહની આણ શિરે ધરું, શુદ્ધ-વિધિ કરું એહની સેવ રે ।
ચિંતામણિથી અધિકો ગણું, દેશે શુભફલ એ દેવ રે—મુજ૦॥૨॥
જેહ સમકિત-ધારી સ્વામીના, સેવા-રસ-સ્વાદના જાણ રે ।
તે વિષયારસ રીઝે નહી, જાણે એતો છે છાણ રે—મુજ૦॥૩॥
જેહને ઘટમેં અનુભવ રમે, તેહને પ્રભુશું બહુ પ્રીતિ રે ।
સફલી પૂજા તેહની કહી, લોકોત્તર એ છે રીત રે—મુજ૦॥૪॥
જિન-સેવા તપ જપ જાણીએ, જિન-સેવા ચારિત્ર શીલ રે ।
**ઇમ શ્રીભાવપ્રભસૂરિ** કહે, જિન-સેવા અધ્યાતમ ડીલ રે—મુજ૦॥૫॥

૧. પાણીદાર = સર્વ-ગુણ-સંપન્ન આપ જેવા ૨. વિના ૩. પ્રેમ ૪. જીવનમાં

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

### (જ્ઞાન-પદ ભજીયે રે ! જગત-સુહંકરૂ-એ દેશી)

સુવિધિ-જિનેસર ! સાહિબ ! સાંભળો, તુમે છો ચતુર સુજાણોજી ।
સાહેબ ! સન્મુખ-નજરે જોવતાં, વાધે સેવક-વાનોજી—સુ૦॥૧॥
ભવ-મંડપમાં રે ભમતાં જગગુરૂ !, કાળ અનાદિ અનંતોજી ।
જનમ-મરણનાં રે દુઃખ તે આકરાં, હજી ય ન આવ્યો અંતોજી—સુ૦॥૨॥

છેદન-ભેદન-વેદન આકરી, ગુણનિધિ ! નરક-મોઝારોજી ।
ક્ષેત્ર કુંભી વૈતરણી વેદના, કથતાં નાવે પારોજી—સુ૦।।૩।।
વિવેક-રહિત વિગલપણે કરી, ન લહ્યો તત્ત્વ—વિચારોજી ।
ગતિ તિર્યંચમાં રે પરવશપણે કરી, સહ્યાં દુઃખ અ-પારોજી—સુ૦।।૪।।
વિષયા-સંગે રે રંગે રાચીયો, બંધાણો મોહ-પાશોજી ।
અમરી-સંગે રે સુર-ભવ હારિયો, કીધા દુર્ગતિ-વાસોજી—સુ૦।।૫।।
પુણ્ય-મહોદય જગગુરૂ ! પામીયો; ઉત્તમ-નર-અવતારોજી ।
આરજ ક્ષેત્ર રે સામગ્રી ધર્મની, સદ્‌ગુરૂ-સંગતિ સારોજી—સુ૦।।૬।।
જ્ઞાનાનંદેરે પૂરણ પાવનો, તીર્થપતિ જિનરાજોજી ।
પુષ્ટાલંબન કરતાં જગગુરૂ !, સિધ્યાં સેવક-કાજોજી—સુ૦।।૭।।
નામ જપંતા રે સવિ સંપત્તિ મળે, સ્તવતાં કારજ સિધોજી ।
**જિન-ઉત્તમ** પદ-પંકજ સેવતાં, **રતન** લહે નવ-નિધોજી—સુ૦।।૮।।

## કર્તા :શ્રી માણેકમુનિ મ.

### (ઢાલ "હું તો પાણિડાં ગઈતી રે હો વનમાલીડાં")

સુવિધિ-જિનેસર સાચો રે, હો ! ભવિ પ્રાણીડા, એ તો હીરલો જાચો રે, હો !
હરિહર મત રાચો રે, હો ! તે તો [1]જેહવા કાચો રે-હો ! સુવિધિ૦।।૧।।

રંગ [2]પતંગ તે કાચો રે-હો ! એ તો ચોલનો સાચો રે-હો ! ।
પ્રભુના ગુણ વાંચો રે-હો ! પુણ્ય ભંડાર તે સાચો રે-હો ! સુવિધિ૦।।૨।।

[3]સૂકે સહુ ખલ-ખાંચો રે-હો ! પૂજાથી મન માચો રે-હો ! ।
આગે નાટિક નાચો રે-હો ! કરજોડીનેજાચો રે-હો ! સુવિધિ૦।।૩।।

પ્રભુ ! અવિચલ વાચો રે-હો ! દુર્ગતિનો ઉવાચો રે-હો ! ।
કર્મ્મ નિકાચિત [4]તાચો રે, હો ! ભવકૂપથી ખાંચો રે-હો ! સુવિધિ૦॥૪॥
અલવી ઉપગારી રે-હો૦, જગમેં જયકારી રે-હો ! ।
સુખ દ્યો શિવગામી રે-હો ! **માણિક** કહિ હિતકામી રે-હો ! સુવિધિ૦॥૫॥

---

૧. કાચ જેવા ૨. હલદરનો ૩. સહુ દૃષ્ટ સંયોગો સૂકાઈ જાય, (ત્રીજી ગાથાની પ્રથમ લીટીનો અર્થ) ૪. દૂર કરો

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

### (ઢાલ – "ઊંચો ગઢ ગિરનારનો"-એ દેશી)

આજ સુવિધિ-જિન આગલે, કરું ઓલગડી કર જોડી હો !
ઉભગી ચિંહુ ગતિ-ગમનથી, મોરા કઠિન કરમ-બલ તોડી હો ! આજ૦ ॥૧॥
મોહની કર્મ્મે મોહીઓ, કરી મિથ્યા-મતિની[1] ખોડિ-હો !
નરક-નિગોદમાં હું ભમ્યો, ગમ્યો કાલ અનંત તે છોડિ હો ! આજ૦ ॥૨॥
દશ દૃષ્ટાંતે દોહિલો, પામ્યો માનવ ભવ વિણ[2] પોડિ હો !
નર આરજ દેશમાં અવતર્યો, ધર્યો જૈન-ધર્મ્મ સુજોડ હો—આજ૦ ॥૩॥
દેખ્યો દરશણ તાહરો, હવે પૂરો મનનાં [3]કોડિ હો !
જોડિ ન આવિ જેહની, વર હરિ-હર દેવની કોડિ હો ! આજ૦ ॥૪॥
સમકિત-જ્યોતિ પ્રકાશસ્યું, ઘન[4]-પાપ-તમો-ભર તોડિ હો !
તાન કલા ધનવાસીએ, બહુ મોહનો[5] દલ મચકોડિ હો ! આજ૦ ॥૫॥
પર ઉપગારી-શિરોમણિ, કરેં કવણ તુમ હોડિ હો !
**માણિક** પ્રભુ-પદ-સેવના, નિત માગે બે કર જોડિ-હો ! આજ૦ ॥૬॥

---

૧. ઘટાડો ૨. ખોડ વિનાનો=સંપૂર્ણ ૩. ઉમંગ

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

**(પ્યારા શરદ પૂનમની રાત, રંગભર રમીયેં ભેલાં રે-એ દેશી)**

સુખકર પ્યારો સુવિધિ-જિણંદ, શાંતસુધારસમેં ભીનો રે
મુનિ-મન-માન-સરોવર-હંસ, ગુણ-મુગતાફલશું લીનો રે....॥૧॥
યુગબાહુ ઇગ્યારમો સુરલોક, તજી માનવ ભવ આદરે રે
કાકંદી નગરી અવતાર, ધનરાશિ જગદીસરુ રે...॥૨॥
શ્વાન યોનિ રાક્ષસ ગણ સાર, મૂલ નક્ષત્રે જગધણી રે
લેઈ દીક્ષા વિચરીય મહિ માંહિ, અષ્ટ કરમ-રિપુને હણી રે....॥૩॥
મૌનપણું ધારી વરસ ચાર, ધ્યાન શુકલ મન ભાવતા રે
મલ્લીતરૂ હેઠે વર જ્ઞાન, પામીયું ગુણ નર તારતા રે...॥૪॥
મોહન સહસ મુનિ સંઘાત, સહજાનંદ-પદ પરણીયા રે
**દીપે** રમણીક શિવવર રાજ, જ્યોતિ અનંત સુખ ભાવીયા રે....॥૫॥

## કર્તા : શ્રી ધર્મકીર્તિગણિ મ.

**(ઢાલ ઉલાલાની-પરણી જરા કુમારી પહની)**

સુવિધિ સુગીવહં નરવર (૧) [૧]રામા [૨]રામા માણિઅ સુખકર (૨)
જનમ નયરી કાકંદી (૩) આણય કપ્પ આણંદી (૪) ॥૧॥
અંક મકર પ્રભુ સોહઇ (૫) ઇગસય ધણું [૩]તણુ મોહઈ (૬)
મૂલ રિખ્ખ (૭) જિન તરુવર માલતી (૮) સેવઈ સુરનર ॥૨॥
લખ દુઇ પૂરવ આય (૯) ધણુ રાશિઇ (૧૦) સિઅ[૪]કાય (૧૧)
કોડિ અયર જિણાણં, ચંદ-સુવિહિ વિચિ જાણું ॥૩॥

છઠ્ઠઇ (૧૩) કાકંદી વ્રતધર (૧૪) લખ દુઈ સાવય સુંદર ।
ઉપરિ સહસ ગુણ તીસ (૧૫), દુગ લખ સાધુ જગીશ (૧૬) ॥૪॥
ચઉ લખ સહસિ [૫]ગહત્તરી સાવિઅ (૧૭) અજિતહ જક્ખવર (૧૮) ।
ગણહર જાસુ અ અઠયાસી (૧૯) પારણ પુસ્સઅ કાશી (૨૦) ॥૫॥
ઈગ લખ સહસ વીસ સરા, સાહૂણી (૨૧) દેવી સુતારા (૨૨)
પંચમ નાણ કાકંદી (૨૩), મુગતિ સંમેતિ આણંદી (૨૪) ॥૬॥

---

૧. પત્ની ૨. પ્રભુની માતાનું નામ ૩. શરીર ૪. શ્વેત ૫. ૭૧૦૦૦

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (હવે ન જાઉં મહી વેચવા રે લો-એ દેશી)

સાહિબ સુવિધિ-જિણંદની રે લો । પૂજો ધરી મન ખંત શુભ ભાવથી રે-
—ચાલો જઈએ જિન વંદવા રે લો ।
ઉજમ આણી અંગમાં રે લો, આલસ મૂકો દિગંત-સુવિધિ૦ ચાલો૦॥૧॥
ચરણ પાવન થાઈ ચાલતાં રે લોલ, દરિસણે નયન પવિત્ર-સુવિધિ૦
પંચાભિગમન સંભારીને રે લોલ,
નિસીહિ-ત્રિકરણ વિચિત્ર-સુવિધિ૦ ચાલો૦॥૨॥
શિર નામી કરજોડીને રે લો, વંદન કરો ઇક ચિત્ત-સુવિધિ૦
દ્રવ્ય-ભાવ તવ સાચવી રે લો, શુદ્ધ કરો સમક્તિ-સુવિધિ૦ ચાલો૦॥૩॥
જિન-પ્રતિમા જિન સારખી રે લો, એહમાં નહિ સંદેહ—સુવિધિ૦
તેહથી ભક્તિ કર્યા થકી રે લો, લહિએ સુખ અ-છેહ—સુવિધિ૦ ચાલો૦ ॥૪॥
શોભન વિધિ સુવિધિ પ્રભુ રે લો, મકર લંછન મહારાય—સુવિધિ૦
દીજેં સૌભાગ પદ સેવતાં રે લો, આત્મ **સ્વરૂપ** પસાય—સુવિધિ૦ ચાલો૦ ॥૫॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

(દુનિયામાં દેવ ન દુજોજી, જિનવર જયકારી-એ દેશી)

સુણો સુવિધિ-જિણેસર ! સામીજી-સાહિબ સાંભલો,
તું મુજ અંતરજામીજી—સાહિબ૦
આજ અવસર એ પામીજી—સા૦, હું અરજ કરું શિર નામીજી—સા૦..॥૧॥

કાલ અનંતો ભમીયોજી—સા૦, દુઃખ અનંતા ખમીયોજી—સા૦
હું તો મોહરાય-વશ પડીયોજી—સા૦, મિથ્યા-મંત્રી મુજ નડીયોજી—સા૦ ॥૨॥

પ્રમાદ-મદિરા-પાન પાયોજી—સા૦ ચિહું-ગતિ-માંહે ભમાયોજી—સા૦
તિહાં દુઃખ હું બહુ પાયોજી--સા૦ ન મલ્યો કો ! શરણ સખાયોજી—સા૦॥૩॥

રાગ કેશરીએ હું ઘેર્યોજી—સા૦ દ્વેષ-ગજેન્દ્ર હું ફેર્યોજી—સા૦
તૃષ્ણા-તરૂણીએ વગોયોજી—સા૦, વિષયા-દાસી હું મોહ્યોજી—સા૦॥૪॥

કામ-કોટવાળે દુઃખ દીધોજી સા૦, વિકથા-જોગણનો કહેણ કીધોજી—સા૦
રતિ અરતિ મળી ધુતારીજી—સા૦, તેણે દાખી દુરગતિ-બારીજી સા૦॥૫॥

હવે તુમ ચરણે હું આયોજી—સા૦, એ દુઃખ દૂરે ગમાયોજી—સા૦
સેવકને શરણે રાખોજી—સા૦, તુમથી અધિકો કુણ ? દાખોજી—સા૦॥૬॥

હવે ભવોભવ તુમ સેવાજી—સા૦ માગું હું દેવાધિદેવાજી—સા૦
શ્રી **ખિમાવિજય**-ગુરુ-રાયજી—સા૦ **જશ** વાધે સેવતાં પાયજી—સા૦॥૭॥

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-વિલાઉલ સુહબ)

ઇહવિધ સુવિધિ-જિનંદકા, લખી રૂપ ઉદારા ।
હૃદય-કમલમેં ધ્યાઇયે, લહિયે ભવપારા–ઈહ૦॥૧॥
અશન-વસન જાકે નહી, નહિ મદન-વિકારા ।
ભય-વર્જિત આયુધ બિના, કરનીસોં ન્યારા–ઈહ૦॥૨॥
લિંગ નહિ સંજ્ઞા નહી વરણ-વિચારા ।
નિરંજન પરમાતમા, સો દેવ હમારા–ઈહ૦॥૩॥
બ્રહ્મા વિષ્ણુ મહેસરો, પરમેસર પ્યારા ।
ગુણવિલાસ શ્રીજિનરાજસેં, જિન રાગ નિવારા–ઈહ૦॥૪॥

## કર્તા : શ્રી જગજીવનજી મ.

### (વીર સમોસર્યા-એ દેશી)

જિન શાસન-થાપક પ્રભુ રે, કેવલજ્ઞાન-દિણંદ ।
ભવ-ભય-ભંજન ગુણનિધિ રે, તીરથનાથ જિણંદો રે–સુવિધિજિનેસરૂ ।
પૂર્ણાનંદ પ્રધાનો રે-જગ જિન ભયહરુ–સુવિધિ૦॥૧॥

નાથ સુણી તુઝ સંપદા રે, ગાયો અનુભવ કાજ ।
સ્વ-સત્તા જાણણ ભણી રે, સેવો બોધિદ-શિરતાજો રે—સુવિધિ૦॥૨॥

બાહ્ય-નિમિત્તાથી સંપદા રે, પુણ્યાશ્રવની રે ખાણ ।
અંતર અંતર ભેદવા રે, ધર્મ્મ શુકલ શુભ ઝાણ રે—સુવિધિ૦॥૩॥

તુજ વિણ સેવક તણી રે, સાંભળે જન અરદાસ ।
ભવ-ભીરુ ભવ્ય-જીવડા રે, ચરણ શરણ નિજ વાસ રે—સુવિધિ૦॥૪॥

પર ઉપગારી જિનપતિ રે, પરમારથનો રે જાણ ।
પ્રાણ વલ્લભ મન માહરે રે, સાહિબ તુંહિ સુજાણ રે—સુવિધિ૦॥૫॥

તાહરા ગુણ ગિરુઆ તણા રે, સુરગુરુથી ન કહાય ।
પણ બાલક નિજ સૂઝ થકી રે, જલધિ પ્રમાણ કહાય રે—સુવિધિ૦॥૬॥

આશ કરૂં પ્રભુ ! તુમ તણી રે, અન્ય ન ધારૂં દેવ,
**જગજીવન** ગણી ગુણ સ્તવે રે, ભય-ભંજન જિન-સેવ રે—સુવિધિ૦॥૭॥

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

### (રાગ જય જયવંતી)

નાથ ! તેરે ચરણ ન છોરૂં, જો છુરાવે કોઈ ।
પકરી રહું જૈસે, બાલ માં કે [1]અંચરા—નાથ૦॥૧॥

બહુત દિવસ ભયે, પ્રભુ કે ચરણ લહે ।
અપની કરણ સેવા, મન ભયા-ચંચરા—નાથ૦॥૨॥

કૃપા-જલ સીંચે દાસ, વૃદ્ધિવંત હુએ ઉલ્લાસ ।
ઉદકસું સીંચે જૈસે, વધેરી [2]ઉદંચરરાશ—નાથ૦॥૩॥

સુવિધિ-જિણંદ ગુણ-ગેહ, ન દેખાવે છેહ ।
સેવક ઉપર નિજ, હોય સુ-કૃપાપરા—નાથ૦॥૪॥

એસો પ્રભુ પાય કે, ચરન ગ્રહું ધાયકે[3] ।
પાયે **જિનહર્ષ**, હરખ સુખ સંચરા—નાથ૦॥૫॥

---

૧. છેડો ૨. વનસ્પતિ સમૂહ ૩. દોડીને

# શ્રી સુવિધિનાથ ભગવાનની થોય


## શ્રી વીરવિજયજી કૃત થોય

સુવિધિ સેવા કરતા દેવા, તજી વિષય વાસના;
શિવ સુખ દાતા, જ્ઞાતા ત્રાતા, હરે દુઃખ દાસના;
નય ગમ ભંગે, રંગે ચંગે, વાણી ભવહારિકા;
અમર અજિતા, મોહાતીતા, વીરંચ સુતારિકા...॥૧॥

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

નરદેવ[૧] ભાવ દેવો,[૨] જેહની સારે સેવો;
જેહ દેવાધિદેવો , સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો;
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો....॥૧॥

૧. નરપતિ-રાજા-મહારાજા ૨. ચાર નિકાયની દેવ



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

## શ્રી સુવિધિનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : સુગ્રીવરાજા | માતાનું નામ | : રામારાણી |
| જન્મ સ્થળ | : કાકંદી નગરી | જન્મ નક્ષત્ર | : મુલ |
| જન્મ રાશી | : ધન | આયુનું પ્રમાણ | : ૨ લાખ પૂર્વ |
| શરીરનું માપ | : ૧૦૦ ધનુષ | શરીરનું વર્ણ | : શ્વેતવર્ણ |
| પાણિ ગ્રહણ | : વિવાહીત | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૪ માસ | દીક્ષા વૃક્ષ | : સાલી વૃક્ષ |
| ગણધર સંખ્યા | : ૮૮ | | ી નગરી |
| સાધુઓની સંખ્યા | : ૨,૦૦,૦ | | ,૦૦૦ |
| શ્રાવકની સંખ્યા | : ૨,૨૯, | | ,૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : અજી | | ીકા |
| પ્રથમ ગણધરનું નામ | : વરાદક | | ણી |
| મોક્ષ આસન | : કાઉસ્સગ | ભવ સંખ્યા | : ત્રણ ભવ |
| ચ્યવન કલ્યાણક | : ફાગણ વદિ ૯ | જન્મ કલ્યાણક | : માગશર વદિ ૫ |
| દીક્ષા કલ્યાણક | : માગશર વદિ ૬ | કેવલજ્ઞાન કલ્યાણક | : કારતક સુદિ ૩ |
| મોક્ષ કલ્યાણક | : ભાદરવા સુદિ ૯ | મોક્ષ સ્થાન | : સમેતશિખર |

| | |
|---|---|
| : ધન | આયુનું પ્રમાણ |
| : ૧૦૦ ધનુષ | શરીરનું વર્ણ |
| : વિવાહીત | કેટલા સાથે દી |
| : ૪ માસ | દીક્ષા વૃક્ષ |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩